

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 132
Dt.: 19-03-2026,
Thursday
Page:04
Rs.00.50 paisa

ઈઝરાયલના ભારત સ્થિત રાજદૂતનું નિવેદન

## ઈરાન સામેનું યુદ્ધ ક્યારે પૂરું થશે તેનો ચોક્કસ સમય ના આપી શકાય

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઈરાન અને ઈઝરાયલ-અમેરિકા અને ઈરાનનું યુદ્ધનો ક્યારે અંત આવશે તેની દુનિયાભરના દેશ રાહ જોઈ રહ્યા છે. અનેક દેશોમાં ક્રૂડ ઓઈલનો પુરવઠો વત્તે-ઓછે અંશે ખોરવાઈ જવાની ભીતિ સર્જાઈ રહી છે. ત્યારે ૧૮ માર્ચના રોજ ભારત સ્થિત ઈઝરાયલના રાજદૂત રુવેન અઝારે જણાવ્યું છે કે 'ઈરાન સામે ચાલી રહેલા યુદ્ધના અંત માટે હાલમાં કોઈ સમયમર્યાદા આપવી અશક્ય છે.' એક અનૌપચારિક મીડિયા બ્રીફિંગમાં તેમણે ચેતવણી આપી હતી કે 'જ્યાં સુધી ઈરાનમાં આ ક્રૂર શાસકો સત્તામાં છે, ત્યાં સુધી મધ્ય પૂર્વમાં અનિશ્ચિતતા યથાવત્ રહેશે. ઈરાની શાસનની સૈન્ય, પરમાણુ અને મિસાઈલ ક્ષમતાને નષ્ટ કરવી તે મધ્ય પૂર્વ અને ભારત બંનેના હિતમાં છે.'

આ વિશે વધુ વિગત આપતા રાજદૂત અઝારે કહ્યું કે, 'ઈરાન સામેની વર્તમાન સૈન્ય કાર્યવાહી હેઠળ અમે ઈરાની શાસનની સૈન્ય અને નેતૃત્વ, એ બંને ક્ષમતાને નબળી પાડી દીધી છે.

જો કે, અપેક્ષા મુજબ, ઈરાન પોતાની શક્તિ બમણી કરી રહ્યું છે અને વળતો પ્રહાર કરી રહ્યું છે. યુદ્ધના અંત માટે ચોક્કસ સમય આપવો શક્ય નથી, પરંતુ ઈઝરાયલ અને અમેરિકા તેમના નિર્ધારિત લક્ષ્યો હાંસલ કરશે તે વાતમાં કોઈ જ શંકાને સ્થાન નથી.'

આખરે ઈરાન પર હુમલો કેમ કર્યો. તે પ્રકારના પ્રશ્નનો જવાબ આપતા રાજદૂત અઝારે દાવો કર્યો હતો કે, 'ઈઝરાયલે ૨૮ ફેબ્રુઆરીએ ઈરાન પર હુમલો કર્યો હતો કારણ કે, ઈઝરાયલને 'વિશ્વસનીય ગુપ્ત માહિતી' મળી હતી કે ઈરાની શાસન તેના પરમાણુ અને મિસાઈલ હથિયારો ફરીથી બનાવી રહ્યું છે. ગયા જૂનમાં સફળ હુમલા બાદ ઈરાનનો પરમાણુ કાર્યક્રમ અને મિસાઈલ ક્ષમતા નોંધપાત્ર રીતે ઘટી ગઈ હતી. જો કે, અમને જાણવા મળ્યું કે ઈરાન નવા પરમાણુ વિસ્ફોટકો મેળવવાની અણી પર હતું.'

અઝારે ભારપૂર્વક કહ્યું હતું કે, 'અમને મળેલી ગુપ્ત માહિતી પ્રમાણે ઈરાને પરમાણુ શસ્ત્રો અને મિસાઈલો રાખવા માટે અનેક સ્થળે ખોદકામ શરૂ કર્યું હતું, જે અમેરિકા કે અન્ય દેશોના હુમલા સામે ટકી શકે તે રીતે તૈયાર કરાઈ હતી. પરમાણુ સજ્જ ઈરાન ઈઝરાયલના અસ્તિત્વ માટે ખતરો છે. તેથી ઈઝરાયલ માટે આ અસ્તિત્વ ટકાવી રાખવાની લડાઈ છે.'

આ દરમિયાન તેમણે ઈરાનની સૈન્ય ક્ષમતાની વાત કરતા કહ્યું કે, 'ઈઝરાયલ પર ઈરાનના હુમલામાં ૧૯ નાગરિકોના મોત થયા છે, અનેકને ઈજા થઈ છે. આમ છતાં, ઈરાનના વળતા પ્રહારનું પ્રમાણ ધારણા કરતા ઓછું હતું. અમે ઈરાન તરફથી મોટા પ્રતિસાદની અપેક્ષા રાખતા હતા. તે બાબતે અમે સકારાત્મક રીતે આશ્ચર્યચકિત છીએ.'

બીજી તરફ, આયતુલ્લાહ અલી ખામેનેઈના મૃત્યુ સહિત ભારે નુકસાન સહન કરવા છતાં ઈરાન છેલ્લા ત્રણ સપ્તાહથી ઈઝરાયલ-અમેરિકા સામે ટકી રહ્યું છે. ઓછી ક્ષમતા સાથે કામ કરવા છતાં ઈરાન ડ્રોન અને મિસાઈલો વડે આરબ રાષ્ટ્રોમાં અમેરિકાના હિતોને નિશાન બનાવી રહ્યું છે. ક્રૂડ ઓઈલ અને ગેસની માળખાગત સુવિધાઓ પર પણ હુમલા કરી રહ્યું છે. હોર્મુઝની ખાડીમાંથી પણ ઓઈલ ટેન્કરોનો રસ્તો રોકી રહ્યું છે. આ રીતે તે વૈશ્વિક ઓઈલ પુરવઠામાં પણ વિક્ષેપ પાડી રહ્યું છે, જે સમગ્ર વિશ્વ માટે ચિંતાનો વિષય છે.

આ વિશે સવાલ કરતા રાજદૂત અઝારે કબૂલ્યું હતું કે હોર્મુઝ ખાડી વિસ્તારમાં ઈઝરાયલનું કોઈ નિયંત્રણ નથી. એશિયાના ઓઈલ અને ગેસ પુરવઠામાં તોડફોડના જોખમને પણ અમે સ્વીકારીએ છીએ. જો કે, અમને વિશ્વાસ છે કે અમેરિકા આ માર્ગને સુરક્ષિત કરવામાં સફળ રહેશે.

ઈઝરાયલના ભારત સ્થિત રાજદૂત રુવેન અઝારે ભારપૂર્વક જણાવ્યું હતું કે હોર્મુઝની ખાડીમાં અસ્થિરતાને કારણે સર્જાયેલા ઊર્જા ક્ષમતાના પડકારોનો સામનો કરવા ઈઝરાયલ ભારતને સંપૂર્ણ સહયોગ આપવા તૈયાર છે.

વૈકલ્પિક વેપાર માર્ગો શોધવાના ભારતના પ્રયાસોને અમે સમર્થન આપીએ છીએ. અમારું માનવું છે કે ઈરાનમાં 'ઝડપી શાસન પરિવર્તન' આખરે ભારતીય વેપાર અને ખાડી દેશોમાં રહેતા ૧૦ મિલિયન ભારતીય નાગરિકોની સુરક્ષા માટે ફાયદાકારક રહેશે.

ઈરાનમાં દેશવ્યાપી ઈન્ટરનેટ બંધ હોવા છતાં રાજદૂત અઝારે એક ગુપ્તચર અહેવાલનો પણ ઉલ્લેખ કર્યો હતો. તે અહેવાલોના આધારે અઝારે દાવો કર્યો હતો કે, 'ઈરાનના શાસન સામે વિરોધની લહેર વધી રહી છે. સુપ્રીમ નેશનલ સિક્યોરિટી કાઉન્સિલના સેક્રેટરી અલી લારીજાનીના મૃત્યુના સમાચાર પછી ઈરાનના નાગરિકો ઉત્સવ મનાવી રહ્યા હતા. આ અહેવાલો ઈઝરાયલ સુધી પહોંચી ગયા છે.

ઈઝરાયલ પર ક્લસ્ટર મિસાઈલથી વળતો પ્રહાર

## ઈરાનને સૌથી મોટો ઝટકો, અલી લારીજાનીના મૃત્યુની પુષ્ટી

(સંપૂર્ણ સમાચાર સેવા)તેલ અવીવ

ઈરાની મીડિયાએ લાંબી ચુપકીદી બાદ આખરે સ્વીકાર્યું છે કે ઈઝરાયલના હવાઈ હુમલામાં અલી લારીજાની માર્યા ગયા છે. ઈઝરાયલે આ હુમલાને પોતાની સૌથી મોટી સૈન્ય સફળતા ગણાવી છે. આ હુમલામાં બસીજ કમાન્ડર ગોલામરેજા સોલેમાનીના પણ મોતના અહેવાલ છે.પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા ભીષણ જંગ વચ્ચે ઈરાનને અત્યાર સુધીનો સૌથી મોટો ઝટકો લાગ્યો છે. ઈઝરાયલ દ્વારા તેહરાન પર કરવામાં આવેલા હવાઈ હુમલામાં ઈરાની સુરક્ષા વ્યવસ્થાના મુખ્ય ચહેરા અને સુપ્રીમ લીડરના નજીકના સલાહકાર અલી લારીજાની માર્યા ગયા હોવાની પુષ્ટિ થઈ છે. આ સાથે જ બસીજ



કમાન્ડર ગોલામરેજા સોલેમાનીના ખાતમાએ ઈરાની સૈન્ય માળખાને હચમચાવી દીધું છે.અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ આ અંગે નિવેદન આપતા જણાવ્યું હતું કે, "ઈરાનના ટોચના નેતૃત્વને ખતમ કરી દેવામાં આવ્યું છે." ટ્રમ્પે દાવો કર્યો હતો કે એક એવો મોટો અધિકારી માર્યો ગયો છે જે છેલ્લા બે અઠવાડિયામાં હજારો લોકોના મોત માટે જવાબદાર હતો. ટ્રમ્પ સતત ઈરાન પર હુમલા તેજ કરવાની વાત કરી રહ્યા છે અને નાટો સહયોગીઓ પાસે પણ મદદ માંગી રહ્યા છે, જોકે તેમને ખાસ સમર્થન મળ્યું નથી.અલી લારીજાની ઈરાનની રાજનીતિ અને સુરક્ષા વ્યવસ્થાના અત્યંત મહત્ત્વના હિસ્સા હતા. તેઓ સુપ્રીમ નેશનલ સિક્યોરિટી કાઉન્સિલના પૂર્વ પ્રમુખ, સંસદના પૂર્વ સ્પીકર અને સુપ્રીમ લીડરના ખાસ સલાહકાર રહી ચૂક્યા હતા. ઈરાનના દરેક મોટા વ્યૂહાત્મક નિર્ણયોમાં તેમની ભૂમિકા મહત્વની ગણાતી હતી. તેમનું મોત આ યુદ્ધમાં ઈરાન માટે અપૂર્ણીય ક્ષતિ સમાન છે.લારીજાનીના મોતનો બદલો લેવા માટે ઈરાને ઈઝરાયલની રાજધાની તેલ અવીવ પર જોરદાર હુમલો કર્યો છે. ઈરાને આ હુમલામાં એવી મિસાઈલોનો ઉપયોગ કર્યો છે જેમાં ક્લસ્ટર વોરહેડ લાગેલા હતા. આ હુમલા બાદ વિસ્તારમાં ભારે તણાવની સ્થિતિ છે અને યુદ્ધ વધુ ગંભીર વળાંક લે તેવી શક્યતા છે.

## દિલ્હીમાં ૪ માળની ઈમારત ભડભડ કરતી સળગી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હીના પાલમ વિસ્તારના સાધ નગરમાં બુધવારે વહેલી સવારે એક રહેણાંક ઈમારતમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૯ લોકોના મોતની પુષ્ટિ થઈ છે, જ્યારે અનેક લોકો ગંભીર રીતે દાઝી ગયા હોવાનું જાણવા મળી રહ્યું છે. દેશની રાજધાની દિલ્હીમાં બુધવારે સવારે એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો. પાલમના સાધ નગર વિસ્તારમાં આવેલી એક ઈમારતમાં સવારે ૭ વાગ્યાની આસપાસ અચાનક આગ ફાટી નીકળી હતી. આગ એટલી વિકરાળ હતી કે જોતજોતામાં આખા મકાનને ઝપેટમાં લઈ લીધું હતું, જેમાં એક જ પરિવારના સભ્યો ફસાઈ ગયા હતા. દિલ્હી ફાયર સર્વિસને સવારે ૭ વાગ્યે આગની જાણ થતા જ તાત્કાલિક ધોરણે ૩૦ જેટલી ફાયર બ્રિગેડની ગાડીઓ ઘટનાસ્થળે રવાના કરવામાં આવી હતી. સાંકડી ગલીઓ અને ગીચ વસ્તી ધરાવતો વિસ્તાર હોવાને કારણે બચાવ કામગીરીમાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. પોલીસ અને ઈમરજન્સી સેવાઓની મદદથી ઈમારતમાં ફસાયેલા ૯ જેટલા લોકોને બહાર કાઢવા માટે રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આગ લાગતાની સાથે જ વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. સ્થાનિક લોકોની ભારે ભીડ એકઠી થઈ ગઈ હતી અને બિલ્ડિંગમાંથી આવતા ચીખ-પુકારને કારણે વાતાવરણ ગમગીન બની ગયું હતું. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, આગની જ્વાળાઓ અને ધુમાડાના ગોટા એટલા પ્રચંડ હતા કે બચાવ માટે અંદર જવું અશક્ય બની ગયું હતું. દિલ્હી ફાયર સર્વિસના અધિકારીએ જણાવ્યું કે, આગ રહેણાંક મકાનમાં લાગી હતી અને તેમાં ફસાયેલા લોકો પૈકી ૯ લોકોના મોત થયા છે. ઘાયલોને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આગ લાગવાનું સચોટ કારણ અત્યારે જાણી શકાયું નથી, પરંતુ શોર્ટ સર્કિટ હોવાની આશંકા સેવાઈ રહી છે. હાલમાં ફાયર વિભાગ અને પોલીસની ટીમ દ્વારા આ મામલે વધુ તપાસ ચાલી રહી છે.

## શિયાળબેટમાં ક્ષતિગ્રસ્ત સમુદ્રી કેબલ માટે ૩૦ કરોડ મંજૂર

### અમરેલીના જાફરાબાદ તાલુકાના શિયાળબેટ ટાપુ પર વાવાઝોડાને કારણે સમુદ્રી કેબલને ભારે નુકસાન થયું હતું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મે ૨૦૨૧માં ત્રાટકેલા વિનાશક તાઉતે વાવાઝોડાએ સૌરાષ્ટ્રના દરિયાકાંઠે જે તબાહી મચાવી હતી, તેના નિશાન આજે પણ વર્તાય છે.

ખાસ કરીને અમરેલીના જાફરાબાદ તાલુકાના શિયાળબેટ ટાપુ પર વાવાઝોડાને કારણે સમુદ્રી કેબલને ભારે નુકસાન થયું હતું, જેના પરિણામે ૩-ફેઝ વીજ પુરવઠો સાવ ખોરવાઈ ગયો હતો. આશ્ચર્યની વાત એ છે કે, લોકોની પ્રાથમિક જરૂરિયાત ગણાતી વીજળી માટે સરકારને જાગતા આશરે ૫ વર્ષ જેટલો લાંબો સમય લાગ્યો છે.

તાજેતરમાં જ રાજ્ય સરકારે શિયાળબેટમાં વીજ પુરવઠો સુનિશ્ચિત કરવા માટે રૂ. ૩૦.૧૪ કરોડની રકમ મંજૂર કરી છે. જોકે, સ્થાનિકોમાં ચર્ચા છે કે અનેક રજૂઆતો પછી પણ જે કામ ન થયું, તે આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ અને વિધાનસભાની તૈયારીઓ વચ્ચે અચાનક કેવી રીતે શક્ય બન્યું? ૧૯૯૮ પછીના સૌથી મજબૂત ગણાતા તાઉતે વાવાઝોડા બાદ શિયાળબેટના માછીમારો અને ગ્રામજનો અંધકારમય સ્થિતિમાં જીવવા મજબૂર હતા.

એક તરફ ભાજપના કાર્યકરો અને સમર્થકો આ નિર્ણય બદલ ઉર્જા મંત્રી અને સ્થાનિક ધારાસભ્યનો આભાર માની રહ્યા છે, તો બીજી તરફ સામાન્ય જનતામાં ભારે કચવાટ જોવા મળી રહ્યો છે. કેટલાકનું કહેવું છે કે, જે સુવિધા યુદ્ધના ધોરણે મળવી જોઈતી હતી, તેના માટે વર્ષો સુધી રાહ જોવડાવવી તે વરવી વાસ્તવિકતા છે.

આ પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ શિયાળબેટ ટાપુને સ્થિર ૩-ફેઝ વીજ પુરવઠો મળતો થશે. આ સુવિધાથી માત્ર માછીમારી ઉદ્યોગને જ નહીં, પરંતુ શિક્ષણ, આરોગ્ય અને દૈનિક જીવનસ્તરમાં પણ મોટો સુધારો આવશે તેવી આશા સેવાઈ રહી છે. હવે જોવાનું એ રહે છે કે આ મંજૂર થયેલી રકમથી કામ કેટલી ઝડપે પૂર્ણ થાય છે.

ફ્લાઈટ પકડે તે પહેલા જ માસ્ટરમાઈન્ડ જેલ ભેગો

## ભારત વિરુદ્ધ અમેરિકા-યુક્રેનનું ખતરનાક પ્રોક્સી વોર

### મ્યાંનમારમાં આતંકી સમૂહોને ડ્રોનની ટ્રેનીંગ માટે ભારત આવેલા અમેરિકી અને યુક્રેની નાગરિકો ઝડપાઈ ગયા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશની રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) એ એક અમેરિકી અને ૬ યુક્રેની નાગરિકોની ધરપકડ કરી છે. એમની પાસે સૌથી એડવાન્સ યુરોપિયન ડ્રોનનો જથ્થો મળ્યો છે. મીડિયા રિપોર્ટ અનુસાર આ લોકો ભારત સામે મોટા હુમલાની તૈયારી કરી રહ્યાં હતા. તેઓ મિઝોરમના રસ્તે મ્યાનમારના આતંકવાદીઓને ટ્રેનિંગ આપવા માટે આવ્યા હતા. જેથી પૂર્વોત્તરના રાજ્યો અને મ્યાનમારને અશાંત કરી શકાય. રક્ષા એકસપર્ટ બ્રહ્મા ચેલાની ભારત સામે આને પ્રોક્સીવોર ગણાવી રહ્યાં છે. હિન્દુસ્તાન ટાઈમ્સમાં પ્રસિદ્ધ થયેલા એક રિપોર્ટ અનુસાર ૧૩ માર્ચના રોજ આ ધરપકડો મામલે યુક્રેને ભારત સમક્ષ વિરોધ દેખાડ્યો છે. આ ૬ યુક્રેની દિલ્હી અને લખનઉંથી પકડાયા છે. જ્યારે અમેરિકી નાગરિક મૈથ્યુ એરોન વાન ડાઈકને કોલકત્તા એરપોર્ટ પરથી પકડી લેવાયો હતો. સોમવારે દિલ્હીની એક કોર્ટે આ ૭ લોકોને ૨૭ માર્ચ સુધી NIAની કસ્ટડીમાં મોકલી દીધા છે. બ્રહ્મા ચેલાની આ બાબતને યુક્રેન અને અમેરિકાની પૂર્વોત્તર રાજ્યમાં પ્રોક્સીવોર સાથે સંકળાવી રહ્યાં છે.

એનઆઈએએ કોર્ટને જણાવ્યું છે કે તે ૮ અન્ય યુક્રેનીની શોધખોળ કરી રહી છે. આ ૭ યૂક્રેની અને એક અમેરિકી મળી ૧૫ જણા ટુરિસ્ટ વિઝા પર ગેરકાનૂની રીતે ભારત આવ્યા હતા. તપાસ એજન્સીએ જણાવ્યું છે કે આ લોકો મ્યાનમારમાં ભારત વિરોધી આતંકી ગ્રૂપોને ટ્રેનિંગ આપવા માટે આવ્યા હતા. આ આરોપીઓ ડ્રોન ચલાવવાના માસ્ટર છે.

રિપોર્ટ અનુસાર આ તમામ આરોપીઓ ડ્રોન વોરફેર, ડ્રોન ઓપરેશન અને ડ્રોન એસેમ્બલિંગ અને ટેકનોલોજી જામ કરવાની ટેકનીકો શીખીને આવ્યા હતા. એમનો મુખ્ય ઉદ્દેશ્ય એ મ્યાનમારમાં ભારત વિરોધી આતંકવાદી જૂથોને ટ્રેનિંગ આપવાનો હતો.

અહેવાલો અનુસાર, NIA અધિકારીઓએ જણાવ્યું હતું કે પકડાયેલા છ યુક્રેનિયનોના નામ હર્બા પેટ્રો, સ્લિવિયાક ટારાસ, ઈવાન સુકમાનોવ્સ્કી, સ્ટીફન મારિયન, હોનચારુક મેક્સીમ અને કામિન્સ્કી વિક્ટર છે.

NIA કોર્ટમાં રજૂ કરાયેલા દસ્તાવેજો અનુસાર, NIA એ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ, ૧૯૬૭ ની કલમ ૧૮ હેઠળ કેસ નોંધ્યો છે, જેમાં કાવતરું ઘડવા, આતંકવાદી કૃત્ય કરવા માટે આગ્રહ કરવા, સહાય પૂરી પાડવા અથવા ઉશ્કેરણી કરવાના કૃત્યોનો સમાવેશ થાય છે.

એનઆઈએએ કોર્ટમાં રજૂ કરેલા દસ્તાવેજોમાં જણાવ્યું છે કે આરોપીઓ અલગ અલગ તારીખોએ ટુરિસ્ટ વિઝા પર ભારતમાં આવ્યા હતા અને ત્યારબાદ ગુવાહાટી પહોંચ્યા હતા. ત્યારબાદ, તેઓ ત્યાંથી મિઝોરમ ગયા, કોઈ માન્ય દસ્તાવેજો વિના, જેમ કે પ્રતિબંધિત વિસ્તાર પરમિટ અથવા સંરક્ષિત વિસ્તાર પરમિટ તેમની પાસે હતી જ નહીં. ત્યાંથી તેઓ ગેરકાયદેસર રીતે મ્યાનમારમાં પ્રવેશ્યા, જ્યાં તેમની પાસે મ્યાનમારના સશસ્ત્ર જૂથો (EAGs) ને ડ્રોન તાલીમ આપવાની પૂર્વ-નિર્ધારિત યોજના હતી. આ જ જૂથ ભારતમાં કાર્યરત આતંકવાદી સંગઠનોને સહાય પૂરી પાડે છે.

## આસામમાં ઉપરાછાપરી બે મોટા નેતાઓના રાજીનામા

(સંપૂર્ણ સમાચાર સેવા)દીસપુર

આસામ વિધાનસભા ચૂંટણી પહેલા કોંગ્રેસમાં ભંગાણ સર્જાયું છે, જેના કારણે રાજ્યના રાજકારણમાં ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે. નગાંવના સાંસદ પ્રદ્યુત બોરદોલોઈ અને આસામ પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપાધ્યક્ષ નવજ્યોતિ તાલુકાદારે પક્ષમાંથી રાજીનામું આપી દીધું છે. ચૂંટણીના ગણતરીના દિવસો પહેલા જ આ દિગ્ગજ નેતાઓના જવાથી કોંગ્રેસને મોટો ફટકો પડ્યો છે. નવજ્યોતિ તાલુકાદારે કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખરગેને મોકલેલા રાજીનામાના પત્રમાં પક્ષની કાર્યપદ્ધતિ સામે ભારે નારાજગી દર્શાવી છે. તેમણે પત્રમાં સ્પષ્ટ કર્યું છે કે, પક્ષમાં લાંબા સમયથી ચાલી રહેલા સંકલનનો અભાવ અને વારંવારની ફરિયાદો કરવા છતાં પણ કોઈ યોગ્ય ઉકેલ ન આવતા, હવે તેમના માટે કોંગ્રેસમાં કાર્યરત રહેવું શક્ય નથી. બીજી તરફ, સાંસદ પ્રદ્યુત બોરદોલોઈએ પણ અત્યંત દુઃખ સાથે કોંગ્રેસના તમામ હોદ્દા અને પ્રાથમિક સભ્યપદેથી રાજીનામું આપવાની જાહેરાત કરી છે. જાણવા મળ્યું છે કે ટિકિટની વહેંચણી અને ઉમેદવારોની પસંદગીને લઈને પક્ષમાં ચાલી રહેલી આંતરિક ખેંચતાણને કારણે આ રાજીનામાં પડ્યા છે. બોરદોલોઈએ તાજેતરમાં જ લાહોરીઘાટ બેઠક પરના સંભવિત ઉમેદવાર સામે વાંધો ઉઠાવ્યો હતો અને રાજીનામું આપવાની ચીમકી પણ આપી હતી. ફેબ્રુઆરીમાં પૂર્વ પ્રમુખ ભૂપેન બોરાહે ભાજપમાં જોડાયા બાદ, કોંગ્રેસ માટે આ એક પછી એક ત્રીજો મોટો આંચકો માનવામાં આવી રહ્યો છે.

આસામમાં આગામી ૯ એપ્રિલના રોજ તમામ ૧૨૬ બેઠકો પર એક જ તબક્કામાં મતદાન થવાનું છે અને ૪ મેના રોજ પરિણામ જાહેર થશે. મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમાના નેતૃત્વમાં ભાજપ સતત ત્રીજી વખત સત્તામાં આવવા માટે પ્રયત્નશીલ છે, જ્યારે કોંગ્રેસ સત્તા વાપસીના લક્ષ્ય સાથે મેદાનમાં ઉતરી છે. વર્ષ ૨૦૨૧ની ચૂંટણીમાં ભાજપના નેતૃત્વવાળા ૬ઢ૭ ગઠબંધને ૭૫ બેઠકો જીતી હતી, જેમાં ભાજપે એકલે હાથે ૬૦ બેઠકો કબજે કરી હતી, જ્યારે કોંગ્રેસ અને AIUDFના ગઠબંધનને માત્ર ૧૬ બેઠકોથી સંતોષ માનવો પડ્યો હતો.

નવસર્જન સંસ્કૃતિ
ગુજરાતી
JioTV
CHENNAL NO. 3048
TATA PLAY
CHENNAL NO. 2119
Jio Air Fiber
Jio Tv +
Jio Fiber
Daily Hunt
ebaba Tv
Dish Plus
DTH live OTT
Rock TV
Airtel
Amezone Fire
Rocu Tv-US.UK
દેશ-દુનિયાના મહત્વપૂર્ણ સમાચારોની
માહિતી મેળવવા માટે આજે જ
નવસર્જન સંસ્કૃતિ ગુજરાતી ચેનલ નિહાળો

# તંત્રી લેખ......

## દેશમાં LPGની અછતની સ્થિતિ બની ચિંતાજનક

કેન્દ્ર સરકારે કહ્યું હતું કે મધ્ય પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે ભારતમાં ઉર્જા સંકટ ચિંતાનો વિષય છે. જોકે, સરકારે ગ્રાહકોને ખાતરી આપી છે કે લિક્વિફાઈડ પેટ્રોલિયમ ગેસ (LPG) ના પુરવઠા અંગે ગભરાવાની જરૂર નથી. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ ગ્રાહકોને LPGનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવાની સલાહ આપી અને રસોઈ માટે વૈકલ્પિક સ્ત્રોતોનો ઉપયોગ કરવાની પણ વાત કરી હતી.

લિક્વિફાઈડ પેટ્રોલિયમ ગેસ (LPG) ની સંભવિત અછત અંગે વધતી ચિંતાઓ વચ્ચે કેન્દ્ર સરકારે સોમવારે ઈંધણનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવાની વિનંતી કરી અને પાઈપ્ડ નેચરલ ગેસ (PNG) ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વિસ્તૃત કરવાના સંકેત આપ્યા હતા. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સંયુક્ત સચિવ (માર્કેટિંગ અને ઓઈલ રિફાઈનરી) સુજાતા શર્માએ જણાવ્યું હતું કે સ્થાનિક PNG અને CNG ગ્રાહકો હાલમાં સંપૂર્ણ પુરવઠો મેળવી રહ્યા છે જ્યારે કોમર્શિયલ LPGનું વેચાણ પણ આંશિક રીતે ફરીથી શરૂ કરવામાં આવ્યું છે. તેમની ટિપ્પણી એવા સમયે આવી છે જ્યારે વૈશ્વિક પુરવઠા દબાણ અને વધતી માંગ વચ્ચે ખાસ કરીને કોમર્શિયલ યુઝર્સ માટે LPG ઉપલબ્ધતા અંગે ચિંતા વધી રહી છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે હોટલ, રેસ્ટોરન્ટ અને કેટરિંગ સેવાઓ જેવી કોમર્શિયલ સંસ્થાઓને પીએનજી પર શિફ્ટ કરવાથી ઘરો માટે LPG પુરવઠા પર દબાણ ઓછું કરવામાં મદદ મળી શકે છે. સરકાર શહેરી વિસ્તારોમાં પણ પીએનજીના વધુને વધુ ઉપયોગ માટે પ્રોત્સાહન આપી રહી છે. ગ્રાહકો ઈમેઈલ, ગ્રાહક પોર્ટલ, કોલ સેન્ટર સહિત બહુવિધ ચેનલો મારફતે અથવા સંબંધિત સિટી ગેસ ડિસ્ટ્રિબ્યુશન (CGD) કંપનીઓનો સંપર્ક કરીને PNG કનેક્શન માટે અરજી કરી શકે છે.

CGD કંપનીઓને સલાહ આપવામાં આવી છે કે તેઓ સંભવિત ગ્રાહકોનો સંપર્ક કરે અને અનેક કંપનીઓ આ ફેરફારને પ્રોત્સાહન આપવા માટે ઈન્ટેન્ટિવ આપી રહી છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિસ્તરણને વેગ આપવાના પ્રયાસમાં કેન્દ્રએ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને પત્ર લખીને CGD પ્રોજેક્ટ્સ માટે ઝડપી મંજૂરીઓ માંગી છે. ૧૬ માર્ચ, ૨૦૨૬ ના રોજ લખેલા પત્રમાં સરકારે રાજ્યોને બાકી પાઈપલાઈન અરજીઓ માટે ડીમ્ડ પરવાનગીઓ આપવા અને ૨૪ કલાકની અંદર નવા દરખાસ્તો માટે મંજૂરી સુનિશ્ચિત કરવા જણાવ્યું હતું.

રાજ્યોને અપીલ કરવામાં આવી છે કે તેઓ સ્થાનિક અધિકારીઓ દ્વારા કરવામાં આવતા રસ્તાના રિપેરિંગ અને પરવાનગી ચાર્જને માફ કરે. પાઈપલાઈન કાર્ય માટે કામના કલાકો અને ઋતુઓ સંબંધિત નિયમોમાં રાહત આપે અને સંકલન સુધારવા અને અમલીકરણને ઝડપી બનાવવા માટે નોડલ અધિકારીઓની નિમણૂક કરવા પણ વિનંતી કરવામાં આવી છે. પાઈપલાઈન દ્વારા પૂરા પાડવામાં આવતા PNG ને એવા વિસ્તારોમાં LPG સિલિન્ડરોનો વધુ સ્થિર વિકલ્પ માનવામાં આવે છે જ્યાં માળખાગત સુવિધાઓ ઉપલબ્ધ છે. સરકાર PNG કવરેજને વિસ્તૃત કરવા માટે શહેર ગેસ વિતરણ નેટવર્કનો વિસ્તાર કરી રહી છે.

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોનાના વાયદામાં રૂ.૧૬૧૬ અને ચાંદીના વાયદામાં રૂ.૨૧૧૨ની નરમાઈઃ ક્રૂડ તેલનો વાયદો રૂ.૬૦ લપસ્યો

### કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૮૭૭૪.૮૭ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૩૩૩૨૦.૦૪ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૬૯૨૨.૦૯ કરોડનાં કામકાજ


મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૧૬૨૦૯૪.૯૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૮૭૭૪.૮૭ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૩૩૩૨૦.૦૪ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૫૬૦.૪૮ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૬૯૨૨.૦૯ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૫૬૫૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૬૦૭૫ અને નીચામાં રૂ.૧૫૪૨૦૧ના સ્તરને સ્પર્શી, રૂ.૧૫૫૯૮૫ના આગલા બંધ સામે રૂ.૧૬૧૬ ઘટી રૂ.૧૫૪૩૬૯ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની માર્ચ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૧૨૪ ઘટી રૂ.૧૨૬૫૧૬ થયો હતો. ગોલ્ડ-પેટલ માર્ચ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૪૯ ઘટી રૂ.૧૫૮૫૪ થયો હતો. સોનું-મિની એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૫૩ ઘટી રૂ.૧૫૪૩૭૭ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૬૮૩૩ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૬૮૫૦ અને નીચામાં રૂ.૧૫૫૨૧૧ના મથાળે અથડાઈ, રૂ.૧૫૬૮૪૯ના આગલા બંધ સામે રૂ.૧૬૦૨ ઘટી રૂ.૧૫૫૨૪૭ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો કિલોદીઠ રૂ.૨૫૧૪૯૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૫૪૮૯૭ અને નીચામાં રૂ.૨૪૯૫૦૧ના મથાળે અથડાઈ, રૂ.૨૫૩૧૧૩ના આગલા બંધ સામે રૂ.૨૧૧૨ ઘટી રૂ.૨૫૧૦૦૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.૨૯૪૦ ઘટી રૂ.૨૫૬૧૨૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.૨૬૪૬ ઘટી રૂ.૨૫૬૫૦૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૨૩૯૦.૧૪ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું માર્ચ વાયદો રૂ.૭.૯૫ ઘટી રૂ.૧૧૬૮.૫૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત માર્ચ વાયદો રૂ.૨.૨ ઘટી રૂ.૩૧૭.૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ માર્ચ વાયદો ૯૦ પૈસા ઘટી રૂ.૩૪૦ના સ્તરે પહોંચ્યો હતો. સીસું માર્ચ વાયદો ૮૦ પૈસા ઘટી રૂ.૧૮૭.૧૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૮૯૪૬.૬૨ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી માર્ચ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૩૪૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૪૫૫ અને નીચામાં રૂ.૪૨૮૯ના સ્તરને સ્પર્શી, રૂ.૭ ઘટી રૂ.૪૪૦૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ માર્ચ વાયદો બેરલદીઠ રૂ.૮૭૭૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૮૮૯૬ અને નીચામાં રૂ.૮૫૦૧ના સ્તરને સ્પર્શી, રૂ.૮૮૭૧ના આગલા બંધ સામે રૂ.૬૦ ઘટી રૂ.૮૮૧૧ થયો હતો. ક્રૂડ તેલ-મિની માર્ચ વાયદો રૂ.૪૭ ઘટી રૂ.૮૮૦૭ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ માર્ચ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૫ ઘટી રૂ.૨૭૫.૯ થયો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ વાયદો રૂ.૫.૧ ઘટી રૂ.૨૭૬ થયો હતો.




કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૯૬૮ના ભાવે ખૂલી, રૂ.૧.૪ ઘટી રૂ.૯૬૬.૨ થયો હતો. કોટન માર્ચ વાયદો રૂ.૪૪૦ વધી રૂ.૨૬૬૦૦ના સ્તરે પહોંચ્યો હતો. એલચી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૨૩૪૦ના ભાવે ખૂલી, રૂ.૧૯ વધી રૂ.૨૪૪૯ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દ્રષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૦૭૫૬.૫૬ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૬૧૬૫.૫૪ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૧૫૯૩.૯૯ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૪૪૦.૧૭ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૪.૮૫ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૩૪૯.૨૬ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૨૮.૫૩ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૭૩૯૬.૬૮ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૫૨૧.૪૧ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૪.૭૬ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ. ૨.૮૪ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૮૧ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૧૨૬૫ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૩૪૨૮ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૩૨૪૬૧ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૪૭૪૭૫૮ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૬૭૩૬૨ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૬૯૧૭ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૨૦૮૫૩ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૭૯૬૨૩ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૦૬૧ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૩૯૯૫ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૩૧૧૩૭ લોટના સ્તરે રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૦.૩ ઘટી રૂ.૯૨૯ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૮૫ ઘટી રૂ.૮.૬ના ભાવે બોલાયો હતો.

સોનું માર્ચ રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૫૫ ઘટી રૂ.૪૦૦ થયો હતો. આ સામે ચાંદી માર્ચ રૂ.૨૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૨૩૫ ઘટી રૂ.૮૮૨૪.૫ના ભાવે બોલાયો હતો. તાંબું માર્ચ રૂ.૧૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩.૪૭ ઘટી રૂ.૩.૮૨ના ભાવે બોલાયો હતો. જસત માર્ચ રૂ.૩૩૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૬૭ પૈસા ઘટી રૂ.૦.૬૫ થયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની એપ્રિલ રૂ.૧૨૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૪.૯ વધી રૂ.૨૩૭.૬ થયો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૯ ઘટી રૂ.૮.૯ થયો હતો. સોનું-મિની માર્ચ રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૫૬.૫ ઘટી રૂ.૬૬૭.૫ થયો હતો. ચાંદી-મિની માર્ચ રૂ.૨૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૬૧૩ ઘટી રૂ.૭૨૦૦.૫ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૪.૧ ઘટી રૂ.૨૧૯.૫ થયો હતો. જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૮ વધી રૂ.૭.૬૫ના ભાવે બોલાયો હતો.

સોનું માર્ચ રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૮૧.૫ વધી રૂ.૭૭૭ થયો હતો. આ સામે ચાંદી માર્ચ રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૧૪.૫ વધી રૂ.૫૭૬ થયો હતો. તાંબું માર્ચ રૂ.૧૧૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૯૨ પૈસા વધી રૂ.૭.૫૪ થયો હતો. જસત માર્ચ રૂ.૩૧૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૬૪ પૈસા વધી રૂ.૨ના ભાવે બોલાયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની એપ્રિલ રૂ.૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૭.૧ ઘટી રૂ.૨૨૬.૯૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ રૂ.૨૭૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૧ વધી રૂ.૧૦.૪ થયો હતો. સોનું-મિની માર્ચ રૂ.૧૫૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૯૦૩ વધી રૂ.૨૯૧૦.૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની માર્ચ રૂ.૨૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૧૫૯ વધી રૂ.૬૬૮૫ના ભાવે બોલાયો હતો.

# દેશવ્યાપી આક્રોશ, ફરિયાદને પગલે નોરાનું અશ્લીલ સોંગ પાછું ખેંચાયું

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

મૂળ કન્નડ ફિલ્મ 'કેડીઃ ધી ડેવિલ'નું નોરા ફતેહી અને સંજય દત્ત પર પિક્ચરાઈઝ થયેલું ગીત અતિશય બિભત્સ અને અશ્લીલ હોવાના રાષ્ટ્રવ્યાપી વિવાદ બાદ આ ગીતને યુ ટ્યૂબ પરથી હટાવી લેવાયું છે. આ ગીત સામે સોશિયલ મીડિયા પર ભારે જનાક્રોશ વ્યક્ત કરાયો હતો. દેશમાં કેટલાંક સ્થળે પોલીસ ફરિયાદ પણ થઈ હતી. કંગના રણૌત, ગાયક અરમાન મલિક સહિતના સેલેબ્સએ પણ આ ગીતને વખોડી કાઢ્યું હતું. 'સરકે ચુનર સરકે' એવા શબ્દો ધરાવતું હિન્દી તથા મૂળ કન્નડ ભાષાનું ગીત થોડા દિવસો પહેલાં રીલિઝ કરાયું હતું. તે સાથે જ સોશિયલ મીડિયા પર તેની સામે વિરોધ શરુ થયો હતો. આ ગીતને સેન્સર બોર્ડ દ્વારા મંજૂરી અપાઈ છે કે કેમ તેવા સવાલો પણ થયા હતા. નેશનલ હ્યુમન રાઈટ્સ કમિશન દ્વારા આ ગીત માટે નોટિસ પણ અપાઈ હતી. આ ગીત પર તત્કાળ પ્રતિબંધ લાદવાની માગણી સાતે એક વકીલ વિનીત જિંદાલે સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન તથા કેન્દ્રીય માહિતી પ્રસારણ મંત્રાલયને ફરિયાદ કરી છે. આ ગીત અતિશય અશ્લીલ હોવા છતાં સગીરો પણ તે સાંભળી અને જોઈ શકે તે રીતે સહેલાઈથી તે ઓનલાઈન ઉપલબ્ધ છે તેમ ફરિયદામાં જણાવાયું છે. કાનૂની દ્રષ્ટીકોણથી ફરિયાદીએ જણાવ્યું છે કે ગીતને જાહેર કરીને તેનું પ્રસારણ કરવાથી ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૯૪ અને પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ળોમ સેક્સુઅલ ઓફેન્સીસ એક્ટ (પોક્સો) તેમ જ માહિતી તંત્રજ્ઞાન કાયદા હેઠળ દંડાત્મક બની શકે છે. દિલ્હી પોલીસ સાઈબર સેલમાં અલાયદી ફોજદારી ફરિયાદ પણ કરવામાં આવી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.ગીતલેખક રકીબ આલમ, ડાયરેક્ટર પ્રેમ, મ્યુઝિક ડાયરેક્ટર અર્જુન જાન્યા તથા સિંગર માંગલી સહિત ફિલ્મ સર્જકો સામે પોલીસ ફરિયાદ અપાઈ હતી. બાદમાં રકીબ આલમે દાવો કર્યો હતો કે આ ગીત મારું સર્જન નથી. મને ડાયરેક્ટરે કન્નડ ગીત આપ્યું હતું જેનો મેં ફક્ત અનુવાદ જ કર્યો છે. મને કહેવામાં આવ્યું હતું કે મારે ફક્ત હિન્દી શબ્દો જ આપવાના છે જેને તેઓ ગીતની ટ્યૂન પ્રમાણે સેટ કરી દેશે.

### હવે ભરપાઈ કરવાનો વારો!

# બુમરાહને ૨ કરોડનો ફટકો, સવાલોના ઘેરામાં BCCIની કોન્ટ્રાક્ટ સિસ્ટમ

### 'A+' કેટેગરીમાંથી 'A' કેટેગરીમાં આવતા ૨ કરોડનું નુકશાન

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) દ્વારા લેવામાં આવેલા નિર્ણયને કારણે ભારતીય ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહને ૨ કરોડનો આર્થિક ફટકો પડ્યો છે. આ નિર્ણય BCCI દ્વારા ફેબ્રુઆરીમાં લેવામાં આવ્યો હતો. આ નિર્ણય સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ સંબંધિત છે, ખાસ કરીને જ્યારે BCCIએ ૨૦૨૫-૨૬ સીઝન માટે સેન્ટ્રલ કોન્ટ્રાક્ટની જાહેરાત કરી હતી, ત્યારે જસપ્રીત બુમરાહને અસરકારક રીતે ડિમોટ કરવામાં આવ્યો હતો.

અગાઉ, જસપ્રીત બુમરાહ 'A+' કેટેગરીનો ભાગ હતો. જોકે, નવા કરાર ચક્રમાં તેને 'A' કેટેગરીમાં મૂકવામાં આવ્યો છે. આ પગલા પાછળનું કારણ એ છે કે બોર્ડે 'A+' કેટેગરીને સંપૂર્ણપણે બંધ કરવાનો નિર્ણય લીધો હતો. અગાઉના સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાં ચાર ખેલાડીઓને 'A+' કેટેગરીમાં સમાવવામાં આવ્યા હતા. આ યાદીમાં વિરાટ કોહલી, રોહિત શર્મા, રવિન્દ્ર જાડેજા અને જસપ્રીત બુમરાહનો સમાવેશ થતો હતો.

જ્યારે વિરાટ, રોહિત અને જાડેજાનું ડિમોશન વાજબી ગણી શકાય કારણ કે વિરાટ અને રોહિત હાલમાં ફક્ત એક જ ફોર્મેટમાં રમે છે, જ્યારે જાડેજા બે ફોર્મેટમાં રમે છે. જસપ્રીત બુમરાહ એક્ટિવ છે અને ત્રણેય ફોર્મેટમાં સતત રમે છે. પરિણામે સંબંધિત પ્રશ્ન ઊભો થાય છે કે શું આ ખેલાડી સાથે અન્યાય થયો છે ?

વધુમાં તેને ખરેખર ૨ કરોડનું નાણાકીય નુકસાન થયું છે, કારણ કે 'A+' કેટેગરી માટે વાર્ષિક રિટેનર ફી ૭ કરોડ હતી, જ્યારે 'છ' કેટેગરીમાં ૫ કરોડ આપે છે. આમ બુમરાહને ૨ કરોડનું નુકસાન થયું છે. જોકે, BCCIના એક અધિકારીએ સંકેત આપ્યો છે કે તેના નાણાકીય નુકસાનની ભરપાઈ કોઈક રીતે કરવામાં આવશે.


**ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ**

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - બુધવાર, ૧૮/૦૩/૨૦૨૬

| અં.નં. | આઈટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | ૫૭૧૫ | ૪૩૦.૦૦ | ૬૪૫.૦૦ |
| ૨ | મગફળી | ૦ | ૯૫૦.૦૦ | ૧,૪૫૦.૦૦ |
| ૩ | એરંડા | ૫ | ૧,૨૮૫.૦૦ | ૧,૨૯૫.૦૦ |
| ૪ | રાયડો | ૨૫ | ૧,૧૬૦.૦૦ | ૧,૧૯૫.૦૦ |
| ૫ | બાજરી | ૦ | ૩૯૦.૦૦ | ૪૫૦.૦૦ |
| ૬ | મકાઈ | ૧૦ | ૩૩૦.૦૦ | ૩૯૦.૦૦ |
| ૭ | ચણા | ૧૦૫ | ૧,૦૦૦.૦૦ | ૧,૦૩૮.૦૦ |
| ૮ | ચણા (કાબુલી) | ૨૦૧ | ૧,૦૮૦.૦૦ | ૧,૫૮૬.૦૦ |
| ૯ | કપાસ | ૧૨ | ૧,૨૫૦.૦૦ | ૧,૫૬૫.૦૦ |
| ૧૦ | સોયાબીન | ૦ | ૯૫૦.૦૦ | ૧,૦૧૦.૦૦ |

મુનિમજી સોફ્ટવેર


### અમદાવાદ રિવરફ્રન્ટ ખાતે ૮૫ સ્ટોલ અને અન્ય શહેરોમાં ૬૨૦ સ્ટોલ ખેડૂત મંડળીઓ, FPO અને ખેડૂતોને વિનામૂલ્યે ફાળવ્યા

# અમદાવાદ સહિત રાજ્યની ૧૬ મહાનગરપાલિકાઓમાં તા. ૨૧ અને ૨૨ માર્ચે 'મિલેટ મહોત્સવ અને ફાર્મર માર્કેટ-૨૦૨૬'નું ભવ્ય આયોજન

### રાજ્ય કક્ષાનો મિલેટ મહોત્સવ અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે યોજાશેઃ રાજ્યના પ્રવક્તા અને કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતના કૃષિ વિભાગ હસ્તકના ગુજરાત એગ્રી ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન દ્વારા આગામી તા. ૨૧ અને ૨૨ માર્ચના રોજ રાજ્યવ્યાપી "મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ફાર્મર માર્કેટ-૨૦૨૬"નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. રાજ્ય મંત્રી મંડળની બેઠકમાં મિલેટ મહોત્સવ અંગે થયેલી ચર્ચા અંગે વિગતો આપતા રાજ્યના પ્રવક્તા અને કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'શ્રી અન્ન' અભિયાનને વેગ આપીને તેમના વિઝનને સાકાર કરવાના ઉમદા હેતુ સાથે "ધરતીનું સોનું — શ્રી અન્ન અપનાઓ, સ્વસ્થ જીવન પાઓ"ના સૂત્ર હેઠળ આ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, રાજ્ય કક્ષાનો મુખ્ય મિલેટ મહોત્સવ કાર્યક્રમ અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે યોજાશે, જેની સાથે જ રાજ્યની અન્ય સુરત, વડોદરા, રાજકોટ, ગાંધીનગર, ભાવનગર, જામનગર, જૂનાગઢ, નવસારી, વાપી, નડિયાદ, મહેસાણા, સુરેન્દ્રનગર, મોરબી, પોરબંદર અને ગાંધીધામ મહાનગરપાલિકા ખાતે પણ એકસાથે આ મહોત્સવની ઉજવણી કરવામાં આવશે. અન્ય મહાનગરપાલિકામાં આયોજિત મિલેટ મહોત્સવમાં વિવિધ મંત્રીઓ અને મહાનુભાવો ઉપસ્થિત રહી ઉત્સાહવર્ધન કરશે.

આ બે દિવસીય મહોત્સવ અંતર્ગત અમદાવાદ રિવરફ્રન્ટ ખાતે અંદાજે ૮૫ સ્ટોલ અને રાજ્યના અન્ય શહેરોમાં કુલ ૬૨૦ સ્ટોલ વિવિધ ખેડૂત મંડળીઓ, એફ.પી.ઓ. અને વ્યક્તિગત ખેડૂતોને કોઈપણ જાતના ભાડા વિના એટલે કે, વિનામૂલ્યે ફાળવવામાં આવ્યા છે. આ આયોજનના માધ્યમથી ખેડૂતોને તેમના મિલેટ ઉત્પાદનો સીધા ગ્રાહકો સુધી પહોંચાડવા અને મધ્યસ્થીઓ દૂર કરી યોગ્ય ભાવ અપાવવા માટેનું એક સબળ પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવ્યું છે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

મિલેટ મહોત્સવને નાગરીકો માટે આકર્ષણનું કેન્દ્ર ગણાવતા મંત્રીશ્રીએ કહ્યું હતું કે, નાગરિકો માટે આ મહોત્સવમાં મિલેટ પ્રદર્શની, ફૂડ ફેસ્ટ, કૃષિ-ટેક ઝોન, એગ્રી-સ્ટાર્ટઅપ અને મહિલા ઉદ્યોગ સાહસિકોના સ્ટોલ વિશેષ આકર્ષણનું કેન્દ્ર બનશે. આ મહોત્સવની મુલાકાત લેતા નાગરીકો અહીં મિલેટની શુદ્ધ બનાવટોની ખરીદી કરવાની સાથે-સાથે તેની તાજી અને પૌષ્ટિક વાનગીઓનો લ્હાવો પણ માણી શકશે. રાજ્યના મહાનગરોમાં વસતા નાગરિકોને આ મહોત્સવની અચૂક મુલાકાત લેવા માટે મંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો.

શ્રી અન્ન અને પ્રાકૃતિક ખેતીને એકબીજાના પૂરક ગણાવતા મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, મિલેટ ઓછા પાણી અને રાસાયણિક ખાતર વગર ઉગી શકતા હોવાથી તે ગૌ-આધારિત ખેતી માટે અત્યંત ઉત્તમ છે. ગુજરાતમાં વધી રહેલા પ્રાકૃતિક ખેતીના વ્યાપને પ્રોત્સાહન આપી ધરતી માતાની રક્ષા કરવાનો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારનો મુખ્ય આશય છે.

ખેડૂતોની આવકમાં સીધો વધારો કરવાના પ્રયાસરૂપે યોજાનારો આ મહોત્સવ ગુજરાતના કૃષિ ક્ષેત્રે નવી ક્રાંતિ લાવશે, તેમ તેમણે ઉમેર્યું હતું.


નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.

Email : yunushmemon@gmail.com


# ટીમ ઈન્ડિયાના ક્રિકેટર રાહુલ ચહરે પોતાની પત્નીથી છૂટાછેડાની જાહેરાત કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ટીમ ઈન્ડિયાના ક્રિકેટર રાહુલ ચહરે પોતાની પત્નીથી છૂટાછેડાની જાહેરાત કરી છે. નોંધનીય છે કે રાહુલ ચહર અને ઈશાની જોહરના લગ્ન ૨૦૨૨માં ગોવામાં થયા હતા. એક ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં રાહુલ ચહરે ખુલાસો કર્યો કે તેણે પોતાના જીવનના ૧૫ મહિના કોર્ટ અને કાનૂની કાર્યવાહીમાં પસાર કરવા પડ્યા, ફક્ત પોતાનું સત્ય બહાર લાવવા માટે. તેણે એ પણ શેર કર્યું કે તેના છૂટાછેડાથી તેને ઘણી તકલીફ અને નુકસાન થયું છે. રાહુલ ચહરે પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર એક નોટ શેર કરી, જેમાં ઈશાની જોહરથી પોતાના અલગ થવાની પુષ્ટિ કરવામાં આવી. ૨૬ વર્ષીય ક્રિકેટરે પોતાની પોસ્ટની શરૂઆત એ રીતે કરી હતી કે તેણે ૨૨ વર્ષની નાની ઉંમરે લગ્ન કરી લીધા હતા, તેની પહેલાં જો તે સમજી શક્યો હોત કે તેને જિંદગીથી શું જોઈએ છે. ત્યારબાદ તેને એવા પાઠ શીખવા મળ્યા જેનો તેણે ક્યારેય સામનો કરવાની અપેક્ષા નહોતી રાખી, ૧૫ મહિના કાનૂની અને કોર્ટ કાર્યવાહીમાં વિત્યા. રાહુલ ચહરે વધુમાં જણાવ્યું કે આ પ્રકરણ હવે કાયદેસર રીતે સમાપ્ત થઈ ગયું છે. તેણે કહ્યું કે આ મામલો છૂટાછેડાથી ઉકેલાયો છે, જેની તેણે ભારે કિંમત ચૂકવવી પડી.


નવસર્જન સંસ્કૃતિ



નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક


RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

# આરોગ્ય વિભાગના એનએચએમ (નેશનલ હેલ્થ મિશન) અંતર્ગત જિલ્લા પંચાયતોની ખાલી જગ્યાઓ કેમ ભરાતી નથી? પ્રજામાં ઉઠયા સવાલો

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજય સરકારના આરોગ્ય વિભાગના નેશનલ હેલ્થ મિશન (એનએચએમ) અંતર્ગત રાજયની વિવિધ જિલ્લા પંચાયતોમાં છેલ્લા કેટલાય વરસોથી જગ્યાઓ ખાલી પડી છે. આ જગ્યાઓની જાહેરાતો અપાયા બાદ કેટલાક ઉમેદવારોએ ફોર્મ પણ ભર્યા છે. તેમ છતાં જગ્યાઓ ભરવા માટેની જાહેરાત ન થતા બેરોજગાર યુવાન-યુવતીઓ માં નારાજગી વર્તાઈ જવા પામી છે. એક તરફ સરકાર વિધાનસભામાં રોજગારી આપવાની વાતો કરી રહી છે. તો બીજી તરફ રોજગારી મેળવવા માટે કેટલાક ઉમેદવારોએ ફોર્મ ભર્યા બાદ પણ સરકાર રોજગારી અપાવી શકી નથી.

મળતી માહિતી અનુસાર આરોગ્ય વિભાગના નેશનલ હેલ્થ મિશન (એનએચએમ) અંતર્ગત હંગામી ધોરણે ૧૧ માસ કરાર આધારીત જગ્યાઓ ભરવા માટે રાજયની કેટલીક જિલ્લા પંચાયતો દ્વારા આરબીએસકે તબીબી (બીએએમએસ), આરબીએસ કે તબીબી (બીએચએમએસ), ફાર્માસિસ્ટ કમ ડેટા આસી. આરબીએસકે, ફાર્માસિસ્ટ (એનએચએમ), લેબોરેટરી ટેકનીશીયન (આઈડીએસપી), સ્ટાફ નર્સ સહિતની જગ્યાઓ ભરવા માટે અખબારોમાં જાહેરાતો આપવામાં આવી હતી. જાહેરાતો આપવામાં આવતા મોટાભાગના લાયકાત ધરાવતા યુવક-યુવતીઓની જે તે સમયે સમયે અને પૈસાનો બગાડ કરી રોજગારી મળી રહે તે આશયથી ફોર્મ ભર્યા હતા.

આ ફોર્મ ભર્યા બાદ જિલ્લા પંચાયતો દ્વારા ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ત્યાં જ અચાનક આરોગ્ય વિભાગની વડી કચેરી નેશનલ હેલ્થ મિશન (એનએચએમ) દ્વારા ભરતી પર રોક લગાડી દેવામાં આવતા બેરોજગાર યુવક યુવતીઓ સાથે સરકાર દ્વારા મજાક ઉડાડવામાં આવી હોય તેવુ લાગી રહ્યુ છે.

આ અંગે આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયાને જાણે બેરોજગાર યુવાનો અને યુવતીઓને રોજગારી આપવામાં રસ ન હોય તેમ મીડીયા સામે ઉડાઉ જવાબ આપ્યો હતો. એક તરફ સરકારના મંત્રીઓ વિધાનસભામાં રોજગારીના આંકડા બતાવી રહ્યા છે. તો બીજી તરફ રોજગારી મેળવવાની છેલ્લી હદે પહોચતા જ અચાનક જ ભરતી પર રોક લગાડી દેવામાં આવતા યુવાનોમાં રોષ ભભુકી ઉઠયો છે.

# રાહુલ ગાંધી આગામી ૨૩ માર્ચે ગુજરાતના એક દિવસીય પ્રવાસે : કોંગ્રેસ કાર્યકરોમાં ઉત્સાહ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત માં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓનો જંગ જામી રહ્યો છે. ત્યારે કોંગ્રેસના દિગ્ગજ નેતા અને સાંસદ રાહુલ ગાંધી આગામી ૨૩ માર્ચના રોજ ગુજરાતના એક દિવસના પ્રવાસે આવી રહ્યા છે.



લોકસભામાં વિપક્ષના નેતા તરીકે જવાબદારી સંભાળ્યા બાદ રાહુલ ગાંધીનો આ પ્રવાસ રાજયના રાજકારણમાં અને ખાસ કરીને કોંગ્રેસના કાર્યકરોમાં નવો પ્રાણ ફુંકવા માટે મહત્વનો મનાય છે. વડોદરામાં આયોજીત ખાસ કાર્યક્રમમાં રાહુલ ગાંધી આદિવાસી અધિકાર સંવાદ દ્વારા સીધો જનસંપર્ક કરશે, જેનો મુખ્ય હેતુ આદિવાસી વિસ્તારોમાં કોંગ્રેસના જનાધાર ને ફરી મજબુત બનાવવાનો છે. પોતાના એક દિવસીય પ્રવાસ દરમિયાન રાહુલ ગાંધી ગુજરાત કોંગ્રેસના પ્રદેશના નેતાઓ સાથે વર્તમાન રાજકીય સ્થિતિ અને આગામી ચુંટણીઓની રણનીતી અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા પણ કરવાના છે. ખાસ કરીને મધ્ય ગુજરાતના આદિવાસી પટ્ટા પર ધ્યાન કેન્દ્રીત કરીને રાહુલ ગાંધી સ્થાનિક લોકોના પ્રશ્નો સાંભળશે અને પાર્ટીના સંગઠન સૃજન અભિયાનને વેગ આપવા માર્ગદર્શન પુરૂ પાડશે.

ગુજરાત વિધાનસભાના સત્ર બાદ તુરંત જ યોજાનારી આ મુલાકાત સુચવે છે કે રાહુલ ગાંધી આગામી મહાનગરપાલિકા અને જિલ્લા પંચાયતોની ચુંટણીઓને અત્યંત ગંભીરતાથી લઈ રહ્યા છે. વડોદરામાં રાહુલ ગાંધીના આગમનને પગલે સ્થાનિક કોંગ્રેસ સંગઠન દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે અને કેન્દ્રીય હાઈકમાન્ડ તરફથી આ પ્રવાસને લીલીઝંડી આપી દેવામાં આવી છે. રાજકીય વિશ્લેષકો માને છે કે રાહુલ ગાંધીનો આ પ્રવાસ વિપક્ષી પડકારો વચ્ચે કોંગ્રેસને બેઠી કરવા અને આદિવાસી મતો નુ ધ્રુવીકરણ રોકવા માટે ગેમ ચેન્જર સાબિત થઈ શકે છે.

# અમદાવાદની સોલા સીવીલ હોસ્પીટલમાં બહાર આવ્યો વિડીયોકાંડ: આરોપી ડીન ના ડ્રાઈવરે એક્સ-રે વિભાગમાં મહિલાઓના છુપી રીતે ઉતાર્યા હતા વિડીયો

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદની સોલા સીવીલ હોસ્પીટલના એકસ-રે વિભાગમાં મહિલાઓની સુરક્ષા અને ગરીમા જોખમાતી હોય તેવી એક અત્યંત શરમજનક ઘટના બહાર આવી છે. હોસ્પીટલના ડીન ઓફીસમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા એક કર્મચારી દ્વારા મહિલા દર્દીઓનો પીછો કરી તેમના છુપી રીતે વિડીયો ઉતારવામાં આવતા હોવાનો ઘટસ્ફોટ થયો છે. એક જાગૃત મહિલાની સતર્કતાને કારણે આ સમગ્ર વિડીયોકાંડ બહાર આવ્યો




હતો. જેમાં આરોપી રંગે હાથ ઝડપાઈ ગયો હતો. આ મામલે હોસ્પીટલ તંત્ર દ્વારા પ્રાથમિક તપાસ બાદ આરોપીની ઓળખ વિષ્ણુ મકવાણા તરીકે કરવામાં આવી છે. જે કોમ્યુનિટી મીડીશીન વિભાગની બોલેરો ગાડી ચલાવે છે. ઘટનાની ગંભીરતા જોતા સોલા સીવીલના સુપ્રિટેન્ડેન્ટે સ્વીકાર્યુ હતુ કે એકસ-રે જેવા સંવેદનશીલ વિભાગમાં આ પ્રકારની ક્ષતિ થવી એ મેનેજમેન્ટ ની ચુક છે. નિયમ મુજબ એકસ-રે રૂમમાં દર્દી સિવાય અન્ય કોઈને પ્રવેશની મનાઈ હોય છે. છતાં સ્ટાફ હોવાના નાતે આરોપી ત્યાં અવર-જવર કરતો હતો. સુપ્રિટેન્ડેન્ટે સ્પષ્ટ કહ્યુ હતુ કે મહિલાઓની સુરક્ષા તેમની પ્રાથમિકતા છે અને આ મામલે ડીન ઓફીસને લેખિત જાણ કરીને કડક કાર્યવાહીની માંગ કરવામાં આવી છે. જો કે પીડીત પક્ષના આક્ષેપ મુજબ આરોપી ડીન ઓફીસ સાથે જોડાયેલો હોવાથી શરૂઆતમાં મામલો દબાવવાના પ્રયાસો થયા હતા. વર્તમાન સ્થિતિએ મહિલાએ પોલીસને જાણ કરી હોવા છતાં તપાસની ધીમી ગતીને લઈ સવાલો ઉઠી રહ્યા છે. સરકારી હોસ્પીટલોમાં સીસીટીવી અને સીકયુરીટી ગાર્ડસ હોવા છતાં આવી ઘટનાઓ તંત્રની નબળાઈઓ છતી કરે છે. આગામી સમયમાં હોસ્પીટલ કેમ્પસમાં સીકયુરીટી વધારવા અને એકસ-રે વિભાગ જેવા વિસ્તારોમાં બિન જરૂરી પ્રવેશ અટકાવવા માટે કડક પ્રોટોકોલ લાગુ કરવાની ખાત્રી આપવામાં આવી છે.

# રવિન્દ્ર જાડેજા ને જોતા જ કુલદીપ અને વંશિકા દોડયા: પગે પડીને લીધા આશીર્વાદ: રીવાબાએ દુખણાં લીધા

પ્રતિનિધિ,ગાંધીનગર

ટીમ ઈન્ડીયાના સ્ટાર ખેલાડી કુલદીપ યાદવે પોતાની જીંદગીની નવી ઈનીગ ની શરૂઆત કરી છે. ૩૧ વરસના સ્પીનરે ૧૪ માર્ચે મસુરીમાં પોતાની બાળપણની મિત્ર વંશિકા ચઢ્ઢા સાથે એક ખાનગી સમારોહમાં લગ્ન કર્યા હતા. મંગળવારે ૧૭ માર્ચ ના રોજ લખનૌમાં પોતાના લગ્ન ના રીસેપ્શનનુ આયોજન કર્યુ તેમાં ઘણા રાજકીય નેતાઓ અને ક્રિકેટ જગતના સ્ટાર્સ ઉપસ્થિત રહ્યા હતા.



લખનૌના ધ સેન્ટ્રમમાં યોજાયેલા ભવ્ય રીસેપ્શનમાં ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, સમાજવાદી પાર્ટી ના પ્રમુખ અખિલેશ યાદવ અને ટીમ ઈન્ડીયાના હેડ કોચ ગૌતમ ગંભીર જેવા નામી વ્યકિતઓ પહોચ્યા હતા.

કુલદીપ ના ઘણા સાથી ખેલાડી પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. જેમાં રવિન્દ્ર જાડેજા , યશસ્વી જયસ્વાલ અને ઋષભ પંત ની સાથે પૂર્વ ભારતીય ઓપનર શિખર ધવન પણ સામેલ હતા. જાડેજા પોતાની પત્ની રીવાબા સાથે કાર્યક્રમમાં પહોચ્યા અને એક ભાવુક પળમાં કુલદીપ અને વંશિકા એ તેના ચરણસ્પર્શ કરીને આશીર્વાદ લીધા હતા. રીવાબાએ આશીર્વાદ આપતા કુલદીપ યાદવના ઓવારણાં લીધા હતા.

આમ આ ભવ્ય કાર્યક્રમમાં પણ ગુજરાતી સંસ્કૃતિના દર્શન થયા અને ઉપસ્થિત લોકો જોતા રહ્યા હતા. વંશિકા સાથે કુલદીપ યાદવે એક વિન્ટેજ રોલ્સ-રોયસ માં સ્ટાઈલિશ અંદાજમાં એન્ટ્રી કરી હતી. તેણે આ તકે કાળા રંગનુ સુટ પહેરેલુ હતું. જયારે દુલ્હને ક્રીમ રંગની સાડી પસંદ કરી હતી આ પ્રસંગે બીસીસીઆઈ ઉપાધ્યક્ષ રાજીવ શુકલા , ઉત્તર પ્રદેશ વિધાનસભાના અધ્યક્ષ સતીષ મહાના અને રાજય મંત્રી એ કે શર્મા પણ સામેલ રહ્યા હતા. મધુર શાસ્ત્રીય સંગીતના માહોલમાં આ રીસેપ્શનમાં રાજનીતી અને રમતના જગતની મોટી હસ્તીઓ એક સાથે જોવા મળી અને ઉત્સવનો માહોલ સર્જાયો હતો.

કુલદીપ યાદવ સતત બીજીવાર ટી-૨૦ વર્લ્ડ કપ નો ખિતાબ જીતનાર ટીમનો ભાગ હતો, જો કે તેણે ટુર્નામેન્ટમાં ખુબ જ સિમિત ભુમિકા ભજવી હતી. પરંતુ પાકિસ્તાન સામે કોલંબોમાં રમાયેલી એક માત્ર મેચ માં તેણે બોલીંગમાં પોતાની છાપ છોડી હતી. હવે કુલદીપ યાદવ આગામી આઈપીએલમાં પોતાની ટીમ દિલ્હી કેપીટલ્સ માટે મેદાનમાં રમવા ઉતરશે.

# અમારી દિકરી કંકુ પાંચ દિવસમાં નહી આવે તો આગળની રણનીતી ઘડવામાં આવશે: ચૌધરી સમાજે આપ્યુ મહાસંમેલનમાં અલ્ટીમેટમ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાતમાં આંતરજ્ઞાતિય પ્રેમ લગ્ન પેચીદો વિષય બન્યો છે. બીજા સમાજમાં ગયેલી દિકરીઓને પરત લાવવા માટે હવે સમાજોએ કમરકસી છે. એક તરફ રબારી સમાજે કિંજલ રબારીને પરત લાવી સમાધાન કર્યુ તો હવે ચૌધરી સમાજે રબારી સમાજની વહુ બનેલી કંકુ ને પરત લાવવા માટે અલ્ટીમેટમ આપ્યુ છે.

રબારી સમાજના યુવક સાથે પ્રેમ લગ્ન કરનાર કંકુ ચૌધરીને પરત લાવવા માટે આજે બુધવારે ચૌધરી સમાજનુ મહાસંમેલન મળ્યુ હતું. જેમાં મોટી સંખ્યામાં સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં સર્વાનુમતે નિર્ણય લેવાયો હતો કે પાંચ દિવસમાં કંકુ ચૌધરી નહી આવે તો આગળની રણનીતી નકકી કરવામાં આવશે. ભાભર તાલુકાના રૂની ગામમાં આજે બુધવારે ચૌધરી સમાજની જંગી સભા યોજાઈ હતી. જેમાં હજારોની સંખ્યામાં ચૌધરી સમાજના લોકો તેમજ આગેવાનો હાજર રહ્યા હતા. રૂની ગામની દીકરી કંકુ ચૌધરી એ ઉણ ગામના રબારી યુવક સાથે લગ્ન કર્યા બાદ મુદ્દો ગરમાયો છે. જેથી ચૌધરી સમાજે પોતાની દિકરી પરત લાવવા માટે કમરકસી છે. દિકરીના માતા પિતાના સમર્થનમાં સમાજ એક જુટ થયો હતો. આ સંમેલનમાં ચૌધરી સમાજના લોકોનો ઉગ્ર હુંકાર જોવા મળ્યો કે જો પાંચ દિવસમાં દિકરી પરત નહી આવે તો આગળની રણનીતી બાદમાં નકકી કરવામાં આવશે. દિકરીને પરત લાવવા ચૌધરી સમાજ મેદાને આવ્યો છે. ૬૪ ગોળ આંજણા ચૌધરી સમાજના પ્રમુખ રજનેશ ચૌધરીએ ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે આગામી પાંચ દિવસમાં દિકરી પરત લાવવાની જવાબદારી લીધી છે. પાંચ દિવસમાં રબારી સમાજના આગેવાનો સાથે વાતચીત કરીશું અને દિકરી પરત લાવવાનો પ્રયાસ કરીશું. જો દિકરી પરત નહી આવે તો પાંચ દિવસ બાદ આગળની રણનીતી નકકી કરવામાં આવશે.

રજનેશ ચૌધરીએ વધુમાં જણાવ્યુ હતુ કે આજે રૂની ગામ ઉત્તર ગુજરાત તેમજ રાજસ્થાનથી પણ આવેલા આંજણા ચૌધરી સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા. સમાજના આગેવાનોએ અલગ અલગ અભિપ્રાય આપ્યા છે અને છેલ્લે બધા એ નિર્ણય પણ પહોચ્યા છીએ કે આગામી પાંચ દિવસમાં રબારી સમાજના અગ્રણીઓ સાથે વાતચીત કરીને દિકરીને પરત લાવવા ૬૪ ગોળ આંજણા કેળવણી મંડળે જવાબદારી લીધી છે.




રાધનપુર ના રૂની ગામની દિકરી કંકુ પટેલે બે વર્ષ અગાઉ ઉણ ગામના રબારી સમાજના યુવક મહાદેવ રબારી સાથે પ્રેમ લગ્ન કર્યા હતા. કંકુ પટેલને સંતાનમાં એક બાળક પણ છે. ત્યારે રબારી સમાજના લોકોએ સીંગર કિંજલ રબારીના પ્રેમ લગ્ન સામે વાંધો ઉઠાવ્યો હતો. ત્યારબાદ કિંજલ રબારી પોતાના સમાજમાં પરત ફરી હતી, ત્યારબાદ કંકુ પટેલના માતા પિતાએ પોતાની દિકરીને પરત લાવવા માટે રબારી સમાજના આગેવાન ઠાકરશી રબારીને અપીલ કરી હતી. આ બાદ મામલો ગુંચવાયો છે. ચૌધરી સમાજે પણ કંકુ પટેલને પરત લાવવા માટે આજે બુધવારે રૂની ગામમાં મહાસંમેલન બોલાવ્યુ હતું. આ ઘટના બાદ ચૌધરી સમાજમાં પણ ભારે આક્રોશનો માહોલ જોવા મળ્યો છે. તો બીજી તરફ કંકુ પટેલે પણ રબારી સમાન અને ચૌધરી સમાજને અપીલ કરતો એક વિડીયો જાહેર કર્યો છે. જેમાં કંકુ પટેલે કહ્યુ છે કે તેને એક વરસનુ સંતાન છે , તેથી બંને પરીવારનો માળો ન વિખેરાય તે રીતે નિર્ણય લે.

# ભાભરમાં ચૌધરી સમાજના મહાસંમેલન બાદ ઉણ ગામમાં બબાલ : ગાડીઓમાં તોડફોડ : રોડ રસ્તા પર ચક્કાજામ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

બનાસકાંઠા જિલ્લાના ભાભર તાલુકાના રૂણી ગામે યોજાયેલા ચૌધરી સમાજના મહાસંમેલન બાદ વાતાવરણ તંગ બન્યુ હતું. સમાજની દિકરીને પરત લાવવાના મુદ્દે હજારોની સંખ્યામાં ચૌધરી સમાજના લોકો ઉમટી પડયા હતા.

સંમેલન બાદ ટોળુ ઓગડના ઉણ ગામમાં પહોચતા જ બબાલ મચી હતી અને ગાડીઓમાં તોડફોડ કરાઈ હતી. સાથે સાથે હાઈવે બ્લોક કરવાની ઘટના પર બનવા પામી હતી. રાધનપુરના સીનાડ ગામની સીંગર



કિંજલ રબારી ના પ્રેમલગ્નના વિવાદ બાદ ભાભર ના રૂણી ગામે ચૌધરી સમાજનુ મહાસંમેલન યોજાયુ હતું. જેમાં ઉત્તર ગુજરાત સહિત રાજસ્થાનમાંથી પણ આંજણા ચૌધરી સમાજના આગેવાનો અને મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ સંમેલન બાદ ચૌધરી સમાજના લોકો દિકરીને પરત લાવવા માટે ઓગડના ઉણ ગામ પહોચ્યા હતા. જયાં બે સમાજના લોકો સામ સામે આવી જતા વાતાવરણ ઉગ્ર બન્યુ હતું. ઉશ્કેરાયેલા ટોળાએ અનેક વાહનોમાં તોડફોડ કરી અને વાહનોના કાચ તોડી નાખ્યા હતા.

મળતી માહિતી મુજબ ૨૦ થી ૨૫ જેટલા વાહનોના કાચ તોડી નાખવામાં આવ્યા હતા. આ દરમિયાન લોકો દ્વારા થરા-ભાભર હાઈવે પણ બ્લોક કરવામાં આવ્યો હતો. ઘટનાની જાણ થતા જ ડીવાયએસપી અને પીઆઈ સહિત મોટી સંખ્યામાં પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોચી ગયો હતો અને ટોળાને વિખેરવા પ્રયાસો હાથ ધરાયા હતા.

# પશુઓમાં દૂધ ઉત્પાદન ઘટાડતા ખરવા મોવાસા રોગને નાબૂદ કરવા તરફ ગુજરાતની આગેકૂચ

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના લોદરા ગામના ૪૨ વર્ષીય ખેડૂત જીગર પટેલ દર છ મહિને પશુપાલન વિભાગની ટીમની આતુરતાપૂર્વક રાહ જોતા હોય છે. પશુપાલન વિભાગની ટીમ તેમના તબેલા પર આવીને પશુઓને ફૂટ એન્ડ માઉથ ડિસીઝ (FMD) એટલે કે ખરવા મોવાસા રોગ સામે રક્ષણ આપતી રસી તેમના પશુઓને આપે છે.

જિગર પટેલ પાસે ૩૨ દૂધાળા પશુઓ છે. જિગર પટેલે જણાવ્યું કે, ખરવા મોવાસા રોગ માટેની નિયમિત રસીકરણ તેમના જીવનનિર્વાહ માટે અત્યંત મહત્વપૂર્ણ છે.

“મારી પાસે ૩૨ પશુઓ છે અને તેમને રોગમુક્ત રાખવા ખૂબ જ જરૂરી છે, કારણ કે મારી આવક દૂધ ઉત્પાદન પર આધારિત છે. ખરવા મોવાસા રોગ પશુઓમાં દૂધ ઉત્પાદન ઘટાડે છે. સદભાગ્યે, દર છ મહિને પશુપાલન વિભાગની ટીમ મારા તબેલા પર આવીને મફતમાં રસીકરણ કરે છે,” જિગર પટેલે સરકારનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું.

લોદરા ગામ દૂધ ઉત્પાદક સહકારી મંડળીના મંત્રી મહેન્દ્ર પટેલના જણાવ્યા મુજબ ગામમાં રસીકરણ કાર્ય ઝડપથી આગળ વધી રહ્યું છે?

“લોદરા ગામમાં ૧,૭૦૦થી વધુ પશુઓ છે અને હાલમાં FMD સામે રસીકરણ ચાલી રહ્યું છે. લગભગ ૫૦ ટકા પશુઓને રસી આપવામાં આવી ચૂકી છે.,”

ગુજરાતમાં રાજ્ય સરકારે ખરવા મોવાસા રોગને નેસ્તનાબૂદ કરવાનાં લક્ષ્ય સાથે ગ્રામ્ય વિસ્તારોમાં રસીકરણ અભિયાન તેજ બનાવ્યું છે, જેથી પશુઓનું રક્ષણ થાય અને ખેડૂતોની આવક બમણી થાય.

રાજ્યભરમાં પશુપાલન વિભાગ અને ડેરી સહકારી સંસ્થાઓના હજ્જારો કર્મચારીઓ ગામડાં, ખેતરો અને તબેલાઓમાં જઈ પશુઓનું રસીકરણ કરી રહ્યા છે.

રાષ્ટ્રીય સ્તરે ભારત સરકારે ‘લાઈવસ્ટોક હેલ્થ એન્ડ ડિસીઝ કંટ્રોલ પ્રોગ્રામ (LHDCP)’ અમલમાં મૂક્યો છે. જેનો મુખ્ય ઉદ્દેશ્ય પશુ રોગોનું નિયંત્રણ અને નેસ્તનાબૂદ કરવાનો છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના વરદહસ્તે રાષ્ટ્રીય પશુ રોગ નિયંત્રણ કાર્યક્રમ ૧૧ સપ્ટેમ્બર -૨૦૧૯થી લોન્ચ કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમ સંપૂર્ણપણે કેન્દ્રિય સહાયથી અને રાજ્ય સરકારના તાંત્રિક સહયોગ થકી થાય છે.

પશુઓના દૂધ ઉત્પાદન પર અસર કરતા અગત્યના રોગોની સંપૂર્ણપણે નાબૂદી અને તે થકી દેશના પશુપાલકોની સુખાકારી સુનિશ્ચિત કરવા સરકાર કટિબદ્ધ છે અને એટલે જ, ગુજરાત દૂધ ઉત્પાદકતામાં મોખરાનું સ્થાન ધરાવે છે.

ખરવા મોવાસાનો રોગ વાયરસજન્ય ચેપી રોગ છે. આ રોગને દૂર કરવા માટે વર્ષ ૨૦૧૯થી ભારત સરકારે સમગ્ર દેશમાં વ્યાપક રસીકરણનો કાર્યક્રમ હાથ ધર્યો છે.

ગુજરાત પશુપાલન વિભાગનાં ડિરેક્ટર ડો. ફાલ્ગુની ઠાકરે જણાયું કે, “રાજ્યભરમાં ૧ માર્ચ, ૨૦૨૬થી ખરવા મોવાસા રોગ સામે રસીકરણ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. દર વર્ષે બે વખત આ રસીકરણ કરવામાં આવે છે. આ અભિયાનની અસરકારકતા રોગચાળાની ઘટતી ઘટનાઓ અને વાયરસના ઓછા પ્રસાર દ્વારા માપી શકાય છે, જે એનએસપી એન્ટીબોડીના ઘટતા પ્રમાણથી સ્પષ્ટ થાય છે.”

તેમણે ઉમેર્યું કે, છેલ્લા કેટલાક વર્ષોમાં ગુજરાતમાં ખરવા મોવાસા રોગનાં કેસ ખૂબ ઓછા નોંધાયા છે. “છેલ્લા કેટલાક વર્ષોમાં રાજ્યમાં માત્ર છૂટાછવાયા પ્રમાણમાં કેસ નોંધાયા છે અને તે પણ સામાન્ય રીતે ઓછા ગંભીર રહ્યા છે. રસીકરણના પરિણામે વર્ષ ૨૦૨૫માં વાયરસનો પ્રસાર માત્ર ૩% રહ્યો છે,. જ્યારે હર્ડ ઈમ્યુનિટી ૮૦% સુધી પહોંચી છે. આથી રસીકરણ અને બાયોસિક્યુરિટી પગલાંઓની અસર સ્પષ્ટ થાય છે,” ડો. ફાલ્ગુની ઠાકરે વધુમાં જણાવ્યું હતું.

ખરવા મોવાસા રોગમાં પશુઓમાં તીવ્ર તાવ અને મોઢામાં તથા પગમાં ફોડલાં જોવા મળે છે. આ રોગના કારણે પશુઓમાં ભૂખમાં ઘટે છે, વજન ઘટે છે અને દૂધનું ઉત્પાદન ઘટી જાય છે અને પશુપાલકને આર્થિક નુકશાન વેઠવું પડે છે.

ગુજરાતમાં અંદાજે બે કરોડ ગાય અને ભેંસો છે, જેમાંથી ૧.૭૧ કરોડ પશુઓ ખરવા મોવાસા રોગના રસીકરણ માટે પાત્ર છે.

પશુપાલન ભારતીય અર્થવ્યવસ્થામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે અને ગ્રામ્ય પરિવારો માટે આવકનો મુખ્ય સ્રોત છે.

પશુઓને ખરવા મોવાસા રોગથી બચાવવાથી દૂધ અને દૂધ ઉત્પાદનોના વૈશ્વિક બજારમાં નિકાસની સંભાવનાઓ પણ વધે છે.

પશુઓને થતા રોગો પશુપાલન ક્ષેત્રના વિકાસ માટે મોટો પડકાર છે. માત્ર ખરવા મોવાસા રોગને કારણે જ ભારતમાં દર વર્ષે આશરે રૂા.૨૪,૦૦૦ કરોડનું આર્થિક નુકસાન થાય છે.

આ રોગના અસરકારક નિયંત્રણ અને નાબૂદીથી દૂધ ઉત્પાદન વધશે. લાખો ખેડૂતોની આવકમાં વધારો થશે અને આંતરરાષ્ટ્રીય ધોરણો મુજબ દૂધ અને પશુપાલન ઉત્પાદનોની નિકાસમાં વધારો થશે.

**★રસીકરણની પશુધન પોર્ટલ પર ઓનલાઈન નોંધણી**

ભારત સરકાર દ્વારા શરુ કરાયેલા નેશનલ ડિજીટલ લાઈવસ્ટોક મીશન તળે રાજ્યના પશુઓના કાને બાર આંકડાવાળી ઈયર ટેગ લગાડી ભારત પશુધન પોર્ટલ પર ઓનલાઈન નોંધણી કરીને આગવી ઓળખ આપવામાં આવી રહી છે. તેમાં તમામ રેકર્ડ ઈયર ટેગ નંબર થકી ઓનલાઈન જોવા મળે છે. જેનાથી વૈજ્ઞાનિક મોનિટરિંગ, દરેક પશુની ઓળખ અને આરોગ્યનો રેકોર્ડ ઉપલબ્ધ છે. રાજયના ખરવા મોવાસા રોગ અટકાવવા રસીકરણ કરવા લાયક ગાય અને ભેંસ વર્ગના તમામ પશુઓમાં વર્ષમાં બે વાર, એટલે કે છ માસના અંતરે રસીકરણ કરવામાં આવે છે. તેમજ તેની તમામ ડેટા એન્ટ્રી ભારતનાં પશુધન પોર્ટલ પર કરવામાં આવે છે.

**★રોગ નિયંત્રણ નહીં પરંતુ ‘રોગ-મુક્ત’ રાજ્ય તરફ ગુજરાતની ગતિ**

ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ખરવા મોવાસા રોગ અટકાવા રસીકરણનાં બે રાઉન્ડમાં કુલ ૩૩૭.૫૨ લાખ પશુઓને રસીકરણ કરવાની પ્રક્રિયા ચાલુ છે.

વ્યાપક રસીકરણને કારણે રાજયમાં ખરવા મોવાસા રોગના રોગચાળામાં ક્રમશ ઘટાડો થવા સાથે રોગની તીવ્રતા કે લક્ષણો પણ ઓછા થયેલા જોવા મળ્યા છે.

રાજયના પશુધનમાં વિવિધ રસીકરણ થકી રોગચાળા અટકાવીને પશુપાલકોને થતાં આર્થિક નુકસાન ઘટાડો કરી શકાયો છે.

## ચેન્નઈમાં ૧૯૮૮માં પ્રોપર્ટી ખરીદી હતી

# શ્રીદેવીએ ખરીદેલી પ્રોપર્ટી માટે બોની, જાહ્નવી હાઈકોર્ટમાં

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

ચેન્નઈમાં શ્રીદેવીના નામની પ્રોપર્ટી પર કેટલાક લોકોએ દાવો કરી દેતાં આ અંગે ચાલી રહેલા કાનૂની વિવાદમાં બોની કપૂર, જાહ્નવી કપૂર, તથા ખુશી કપૂર મદ્રાસ હાઈકોર્ટમાં પહોંચ્યાં છે. આ ૪.૭ એકર જમીન શ્રીદેવીએ ૧૯૮૮માં ખરીદી હતી. પરંતુ તેના પર ચંદ્રબાનુ નામની એક મહિલા તથા તેનાં બે સંતાનોએ દાવો કર્યો હતો. તેમણે ૨૦૨૫માં આ જમીન પર પોતાનો વારસાઈ હક્ક હોવાનું જણાવ્યું હતું. બોની કપૂરે તેમના આ દાવા સામે સ્થાનિક કોર્ટમાં અપીલ કરી હતી પરંતુ કોર્ટે તે ફગાવી દેતાં હવે બોનીએ હાઈકોર્ટનું શરણું લીધું છે. બોની કપૂર દ્વારા અગાઉ એવી દલીલ કરાઈ હતી કે તેમણે આ જમીન જેમની પાસેથી ખરીદી હતી તે પરિવારની વ્યક્તિએ એક પત્ની હયાત હોવા છતાં પણ બીજાં લગ્ન કર્યાં હતાં. આ બીજાં લગ્ન કરનારી પત્ની કે તેમના સંતાનોનો આ વ્યક્તિની વારસાઈ મિલ્કતો પર કોઈ હક્ક બનતો નથી. તેમણે ૧૯૮૮માં આ મિલ્કત માટે વેચાણ ખત રજિસ્ટર કરાવ્યું હતું અને તેનાં ૩૭ વર્ષ પછી અચાનક આ લોકોએ આ પ્રોપર્ટી પર દાવો માંડયો છે તે ખોટું છે.

**પશ્ચિમ રેલવે**
**ભાવનગર મંડળ**

**33 KV ઓવરહેડ પાવર લાઇન ક્રોસિંગમાં ફેરફાર**

ભારતના રાષ્ટ્રપતિની તરફથી મંડળ રેલવે મેનેજર (TRD), પશ્ચિમ રેલવે, ભાવનગર પરા દ્વારા નીચે દર્શાવેલ કામ માટે ઈ-નિવિદાઓ આમંત્રિત કરવામાં આવે છે. **નિવિદા નંબર: 17-TRDBVP-2025-26 કામનું નામ:** લાલપુર – ગોપ જામ વિભાગમાં 4 સ્થળોએ 33 K V ઓવરહેડ પાવર લાઈન ક્રોસિંગને અંડરગ્રાઉન્ડ કેબલ દ્વારા ફેરફાર (મોડિફિકેશન) કરવાનું કામ. **નિવિદાની અંદાજિત કિંમત:** ₹6,29,26,693.52/- **નિવિદા ફી:** શૂન્ય **EMD રકમ:** ₹4,64,600/- **સરનામું:** ડીઆરએમ (ટ્રેક્શન) બીવીપી ડીઆરએમ ઓફિસ ભાવનગર પરા – 364003 બોલીદાતાને માત્ર ઓનલાઈન વેબસાઈટ **www.ireps.gov.in** દ્વારા જ અરજી કરવાની રહેશે. વધુ વિગતો માટે દર્શાવેલ વેબસાઈટની મુલાકાત લો. **ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ:** 09-04-2026 ના રોજ 15:00 વાગ્યા સુધી.

BVP 306

અમને લાઇક કરો: facebook.com/WesternRly

# ગેસ સીલીન્ડરની આગ ભાજપને સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં દઝાડશે?

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓના પડઘમ નજીકના દિવસોમાં વાગવાના છે. ત્યારે આ ચુંટણીના પડઘમ વચ્ચે ગેસ ના સીલીન્ડરોની આગ ભાજપને સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં ચોકકસ દઝાડશે તેવુ રાજકીય વિશ્લેષકો માની રહ્યા છે.



એકતરફ ગુજરાતમાં આમ જનતા ગેસના સીલીન્ડરો ન મળવાને કારણે ત્રાહીમામ પોકારી ઉઠી રહી છે. તો બીજી તરફ ઉદ્યોગો, ફેકટરી માલીકો ગેસ સપ્લાય બંધ થવાને કારણે ધંધા રોજગાર ઠપ થઈ ગયા છે.

ફેકટરી માલીકો કામદારોને છુટા કરી રહ્યા છે. ગૃહિણીઓ મોંઘવારીની સાથે સાથે ગેસના સીલીન્ડરોની પળોજણથી ત્રાહીમામ પોકારી ઉઠી છે.

રાજયમાં ચારેય તરફ ભાજપમાં વિરોધનો વંટોળ ચાલી રહ્યો છે. ભાજપને વિપક્ષનો ડર નથી તેનાથી ભાજપને ભાજપના નેતાઓનો વધુ ડર છે. ધારાસભ્યોના કામો થતા નથી, મતવિસ્તારમાં ધારાસભ્યોને કયા મોઢે જવુ તે એક ચિંતાનો વિષય ધારાસભ્યો માટે બની જવા પામ્યો છે.

હાલમાં સોશીયલ મીડીયા પર ઠેર ઠેર રાજયના વિવિધ શહેરોમાં ગેસના સીલીન્ડરો માટેની લાંબી લાઈનો જોવા મળી રહી છે. ત્યારે સેમી વિધાનસભા ગણાતી આવનારી સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ ભાજપને દઝાડે તો નવાઈ નહી, કહેવાય છે કે પ્રદેશમાં પણ પૂર્વ પ્રદેશ ભલે સાથે રહેવાની વાતો કરતા હોય પરંતુ અંદરખાને કયાંક ને કયાંક હાલના પ્રદેશ પ્રમુખથી નારાજ હોય તેવુ ચર્ચાઈ રહ્યુ છે. ગુજરાતમાં હાલના પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા સંગઠનની બાગડોળ સંભાળી રહ્યા છે ત્યારે કેટલાક ભાજપ સંગઠનના વિરોધીઓ અંદરખાને વિશ્વકર્માની છબી ખરડાવવાનો પ્રયાસ કરે તો નવાઈ નહી.

# ગુજરાત વિધાનસભાને બોમ્બથી ઉડાડી દેવાની ધમકી મળતા ગૃહ હાઉસ ખાલી કરાવી દેવાયુ

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

ગુજરાતમાં બોમ્બ થી ઉડાવી દેવાની ધમકીભર્યા મેઈલ મળવાનો સીલસીલો આજે પણ યથાવત છે.

આ દરમિયાન આજે બુધવારે ગુજરાત વિધાનસભાને બોમ્બ થી ઉડાવી દેવાની ધમકી ભર્યો મેઈલ મળતા પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી. બનાવની જાણ થતા બોમ્બ અને ડોગ સ્કવોડ ઘટનાસ્થળે પહોચીને સર્ચ ઓપરેશન હાથ ધર્યુ હતું.



એટલુ જ નહી ગુજરાત વિધાનસભા બાદ બોર્ડ ની પરીક્ષાના છેલ્લા દિવસે અમદાવાદ શહેરની કેટલીક સ્કુલોને પણ બોમ્બ થી ઉડાવી દેવાની ધમકી મળતા ખળભળાટ મચી જવા પામ્યો હતો. મેઈલના સંદર્ભે સંબંધીત સ્કુલોમાં પોલીસ અને ડોગ/બોમ્બ સ્કવોડ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હોવાનુ મીડીયાના સુત્રો દ્વારા જાણવા મળ્યુ હતું.

ગાંધીનગર જિલ્લા પોલીસવડા રવી તેજા શેટ્ટી એ ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે આજે સવારે ગુજરાત વિધાનસભામાં બોમ્બ થી ધમકીનો ઈમેઈલ મળ્યો હતો. તે ઈમેઈલ મળ્યા બાદ બોમ્બ ડીટેકટ ડીસ્પોઝલ સ્કવોડ (બીડીડીએસ) ટીમોએ સ્થળની તપાસ કરી હતી.

તપાસ કર્યા બાદ કંઈ શંકાસ્પદ મળ્યુ નહી તેથી વિધાનસભાનુ કામ શરૂ કરી દેવામાં આવ્યુ હતું. ઈમેઈલ મોકલનાર વ્યકિત સામે ગુન્હો દાખલ કરવામાં આવશે અને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# દાંતીવાડાના ઓઢવામાં ઝાડ સાથે કાર અથડાતાં સળગી, અંદર બેઠેલા બે ભડથું

(સંપૂર્ણ સમાચાર સેવા)પાલનપુર

દાંતીવાડા તાલુકાના ઓઢવા ગામે વહેલી પરોઢે સફેદ કલરની કાર પટેલવાસના બોર્ડ પાસે બાવળના ઝાડ સાથે ટકરાતાં ગાડીમાં આગ લાગી હતી. જે ઘટનાને પગલે ગાડીમાં બેઠેલા ચાલક તેમજ અન્ય એક આગમાં સળગી જતાં બંનેનાં મોત થવા પામ્યાં હતા. પોલીસ તપાસમાં મૃતક એક વ્યક્તિ દાંતીવાડાના મારવાડા ગામનો હોવાનું જાણવા મળ્યું હતું જ્યારે બીજો વ્યક્તિ ક્યાંનો છે તેની તપાસ હાથ ધરવામાં આવી છે.

દાંતીવાડા તાલુકાના ઓઢવા ગામ પાસે વહેલી સવારે સાડા ચાર વાગ્યાની આસપાસ માલપુરીયાથી જેગોલ જતા રોડ ઉપર એક સફેદ કલરની આઈ-૨૦ ગાડીના ચાલકે પોતાની ગાડી પૂરઝડપે હંકારતાંઓઢવા ગામે પટેલવાસના બોર્ડ પાસે બાવળના ઝાડ સાથે અથડાઈ હતી.

આ અકસ્માતમાં કાર ચાલકને તથા તેની બાજુમાં બેઠેલા વ્યકિતને ઈજાઓ થતાં બેભાન થઈ ગયા હતા. તે વખતે ગાડીમાં અચાનક આગ ભભૂકી ઉઠતાં ચાલક તથા તેની બાજુમાં બેઠેલો વ્યકિત ગંભીર રીતે દાઝી ગયા હતા તેમજ તેમના કપડાં પણ બળી જતાં ઓળખ પણ થઈ શકી નહોતી તથા ગાડીની નંબર પ્લેટ પણ બળી જતાં ગાડીનો નંબર પણ જાણી ન શકાતાં ઓઢવા ગામના પિયુષભાઈ ચૌધરીએ ઘટના વિશે પોલીસ મથકે લેખિત જાણ કરતાં પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. દરમિયાન પોલીસ તપાસમાં મૃતક બે પૈકી એક વ્યક્તિ દાંતીવાડા તાલુકાના મારવાડા ગામનો ગણેશભાઈ ઠાકોર હોવાનું જાણવા મળ્યું હતું.

# હિંમતનગરમાં ઈદુલ-ફીત્રની ખરીદી માટે મુસ્લીમ સમુદાયના લોકો ઉમટી પડયા

## શહેરની વિવિધ મસ્જીદોને રોશની થી શણગારવામાં આવી : વહેલી સવારે મસ્જીદોમાં અલવિદા માહે રમઝાન ની સંભળાતી ગુંજ થી ગમગીની જેવા દ્રશ્યો



પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

મુસ્લીમ સમુદાયનો પવિત્ર રમઝાન માસ હવે પુરો થવા જઈ રહ્યો છે. મુસ્લીમ સમુદાયમાં રમઝાન માસની શરૂઆત ચાંદ દેખાયા બાદ શરૂ થતી હોય છે અને ચાંદ દેખાયા બાદ મહિનાના અંતે ઈદુલ-ફીત્રનો તહેવાર ઉજવવામાં આવતો હોય છે.



સમગ્ર વિશ્વની સાથે સાથે દેશમાં અને તેમાંય ગુજરાતમાં મુસ્લીમ સમુદાયના લોકોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. કારણ કે ૩૦ દિવસના રોજા (ઉપવાસ) રાખી અલ્લાહ પાક ની બંદગી કર્યા બાદ છેલ્લે બક્ષીસ તરીકે ઈદુલ-ફીત્રની ઉજવણી કરવા માટેનો મહિમા કંઈક અલગ જ હોય છે, મુસ્લીમ સમુદાયનો રમઝાન મહિનામાં ૩૦ દિવસના રોજા(ઉપવાસ) રાખી મોડી રાત્રે તરાવીહ ની નમાજ અદા કરતા હોય છે. જેને લઈ મુસ્લીમ સમુદાય રાત-દિવસ અલ્લાહ પાક ની બંદગીમાં રચ્યા પચ્યા રહેતો હોય છે. ઈદુલ-ફીત્ર ના આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર શહેરના વિવિધ બજારો અને તેમાંય ખાસ કરીને હાજીપુરા અને પાણપુર પાટીયા વિસ્તારના બજારોમાં મોડી રાત સુધી મુસ્લીમ સમુદાયના લોકો છેલ્લે છેલ્લે ખરીદી માટે ઉમટી પડતા ટ્રાફીક જામના દ્રશ્યો જોવા મળતા હોય છે. ખાસ કરીને રેડીમેઈટ કપડા, અને પગરખાંની દુકાનો ઉપર મોડી રાત સુધી લોકો ખરીદી કરવાનુ ચુકતા નથી.

ઈદુલ-ફીત્રને આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે શહેરની વિવિધ મસ્જીદોમાં વહેલી સવારે અલવિદા માહે રમઝાન, અલવિદા માહે રમઝાન ની સંભળાતી ગુંજ ગમે તેવા વ્યકિતની આંખોમાં આંસુ આવી જાય તેવી ગુંજ થી ગમગીની જેવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. સાથે સાથે શહેરની વિવિધ મસ્જીદો, દરગાહો ને રોશની થી શણગારવામાં આવી રહી છે. મસ્જીદોની અંદર મોડી રાત સુધી નમાજોની પાબંધીની સાથે સાથે કંઈક અલગ જ દ્રશ્યો જોવા મળી રહ્યા છે.

# ફિશરીઝ વિભાગ માં એસીબીનો સપાટો : લાયસન્સના કામ માટે લાંચ લેતા વચેટીયો ઝડપાયો

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

ગીર સોમનાથ જિલ્લાના મુખ્યમથક વેરાવળમાં ભ્રષ્ટાચારી તત્વો સામે એન્ટી કરપ્શન બ્યુરો એ લાલ આંખ કરી છે. વેરાવળના બંદર રોડ પર આવેલી ફિશરીઝ ઓફીસના કામકાજ માં લાયસન્સ માં નામ બદલવા જેવી સામાન્ય પ્રક્રિયા માટે લાંચની માંગણી કરવામાં આવતા એસીબીએ સફળ ટ્રેપ ગોઠવી હતી. આ કાર્યવાહીમાં એક વચેટીયાને રૂપીયા ૧૦ હજાર ની લાંચ લેતા રંગે હાથ ઝડપી લેવામાં આવ્યો હતો.



મળતી માહિતી અનુસાર એક જાગૃત નાગરીકે મત્સ્યોદ્યોગ (ફિશરીઝ) વિભાગમાં લાયસન્સમાં નામ બદલવા માટે અરજી કરી હતી. આ કામ કરી આપવાના બદલામાં ફિશરીઝ વિભાગના અધિકારી વતી વચેટીયા હાસમ મુગાસરાએ રૂપીયા ૧૦ હજાર ની લાંચ ની માંગણી કરી હતી. ફરીયાદી લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે અમરેલી એસીબીનો સંપર્ક કર્યો હતો અને સમગ્ર મામલે ફરીયાદ નોંધાવી હતી. ફરીયાદના આધારે એસીબી અમરેલીની ટીમે વેરાવળના બંદર રોડ પર આવેલા ભીડીયા સર્કલ પાસે ફિલ્ડીંગ ગોઠવી હતી. આયોજન મુજબ જયારે ફરીયાદી વચેટીયા હાસમ મુગાસરાને લાંચ ની રકમ આપવા પહોંચ્યા ત્યારે જ પૂર્વ આયોજીત છટકામાં આરોપી આબાદ ઝડપાઈ ગયો હતો. એસીબીની ટીમે સ્થળ પર થી જ લાંચ ની રૂપીયા ૧૦ હજારની રોકડ રકમ રીકવર કરી લીધી હતી. આ સફળ ટ્રેપ અમરેલી એસીબીની ટીમ દ્વારા કરવામાં આવી હતી. હાલમાં આરોપી હાસમ મુગાસરાની અટકાયત કરી તેની વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ કેસમાં ફિશરીઝ વિભાગના કયા અધિકારીની સંડોવણી છે , અને લાંચના આ નેટવર્કમાં અન્ય કેટલા લોકો સામેલ છે, તે દિશામાં પણ તપાસ તેજ કરવામાં આવી છે. વેરાવળ બંદર વિસ્તારમાં આ સમાચાર વાયુવેગે ફેલાતા ભ્રષ્ટાચારી અધિકારીઓમાં ફફડાટ વ્યાપી ઉઠયો છે.

# થરાદના કરબુણ ગામે પત્નીએ પ્રેમી સાથે મળીને પતિની કરી હત્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)પાલનપુર

થરાદ તાલુકાના કરબુણ ગામે પત્નીએ પોતાના પ્રેમ વચ્ચે આડખીલી બનતા પતિને રોકવા માટે પ્રેમીને ઉશ્કેરી રાત્રિના સમયે પતિની હત્યા કરાવતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

થરાદ તાલુકાના કરબુણ ગામના રણછોડજી ભોમાજીની પત્નીના ગામના અન્ય એક પુરુષ સાથે આડા સંબંધ હોવાની ચર્ચાઓ અગાઉથી ચાલી રહી હતી.આ મુદ્દે રણછોડજીને શંકા જતા વારંવાર કલહ સર્જાતો હતો. અંતે પત્નીએ પોતાના પ્રેમીને કહ્યું કે, આપણા સંબંધ બાબતે મારા પતિને ખબર પડી ગઈ છે. જેથી જો આપણે તેને વચ્ચેથી નહીં હટાવીએ તો એ તને મારી નાખશે. તેથી સાથે મળીને પ્રેમ પ્રકરણમાં આડખીલી બનતા પતિને રસ્તામાંથી દૂર કરવાની ભયાનક સાજિસ રચી હતી.

